CMYK CMYK
RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
RAJKOT
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪
● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૧૧ બુધવાર તા.૦૭-૧૦-૨૦૨૬ અંક : ૯૦ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ, PM મોદીએ શ્રી વિનાયક મંદિરે પૂજા-અર્ચના કરી

## મુખ્યમંત્રીથી વડાપ્રધાન સુધીની ૨૫ વર્ષની સફર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવાનના લીધા આશીર્વાદ, દેશભરમાં આજે વિવિધ કાર્યક્રમો



નવીદિલ્હી,

PM નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે જાહેર જીવન અને જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ખાસ અવસરને યાદગાર બનાવવા માટે તેમણે નવી દિલ્હીના સરોજિની નગર વિસ્તારમાં આવેલા શ્રી વિનાયક મંદિરમાં ભગવાન ગણેશની પૂજા-અર્ચના કરી હતી.PM મોદીએ મંદિરમાં વિધિવત પૂજા અને આરતી કરીને ભગવાનના આશીર્વાદ લીધા હતા.નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કેબિનેટે ઠરાવ પસાર કરીને તેમને અભિનંદન પાઠવ્યા છે. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ નરેન્દ્ર મોદી પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા અને ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ તેમના નેતૃત્વના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે.

નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી અત્યાર સુધી તેઓ સતત દેશના સર્વોચ્ચ વહીવટી પદોમાં રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે લગભગ ૧૩ વર્ષ સુધી જવાબદારી સંભાળી હતી.





ત્યારબાદ ૨૦૧૪માં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા અને ત્યારથી કેન્દ્ર સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. આ રીતે જાહેર જીવનમાં સરકારના વડા તરીકે સતત ૨૫ વર્ષ પૂર્ણ કરનાર નરેન્દ્ર મોદી દેશના પ્રથમ નેતા બન્યા છે. તેમના રાજકીય જીવનમાં ગુજરાતથી લઈને કેન્દ્ર સુધીની લાંબી સફર જોવા મળે છે. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ બાદ તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો અને લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર રચાઈ. ત્યારથી તેઓ વડાપ્રધાન તરીકે કાર્યરત છે.

જનસેવાના આ ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરને ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમો સાથે ઉજવવામાં આવી રહ્યો છે. પક્ષ દ્વારા દેશના અલગ-અલગ વિસ્તારોમાં સેવા અને જનસંપર્ક સાથે જોડાયેલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત 'સેવા સંકલ્પ અભિયાન' અને 'સેવા જયોતિ યાત્રા' જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ગુજરાતના વડોદરામાં ગરબા માટે મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૦ હજારથી પણ વધારે યુવા એક સાથે ગરબા રમશે. આ એક વર્લ્ડ રેકોર્ડ હશે જેમાં એકસાથે આટલા લોકો ગરબે રમવાના છે. આ સાથે અમદાવાદમાં રિવરફ્રન્ટ ટુ જલ કક્ષ યાત્રા અને 'વારાણસી ટુ વડનગર' અભિયાનના સમાપન સમારોહમાં કેન્દ્રીય પ્રધાનો શિવરાજસિંહ ચૌહાણ અને ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

# રશિયાના કાળા સમુદ્રમાં ડ્રોન હુમલો: ઓઈલ ટેંકરમાં ભીષણ આગ

## ટેંકર પર સવાર તમામ ૨૩ ભારતીય ક્રૂ મેમ્બર્સને રશિયન કોસ્ટગાર્ડ અને ઈમરજન્સી ટીમો દ્વારા તાત્કાલિક બચાવાયા

મોસ્કો,

રશિયાના કાળા સમુદ્ર (બ્લેક સી) કિનારે એક અજાણ્યા અનમેન્ડ વેસલ (ડ્રોન) દ્વારા કરાયેલા ભયાનક હુમલાને કારણે લાઈબેરિયાના ધ્વજ હેઠળ જઈ રહેલા ઓઈલ ટેંકર 'એફ્રામેક્સ રિયો' માં આગનો મોટો ભડકો થયો હતો. મંગળવારે બનેલી આ ઘટનામાં સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં દરિયામાં સળગી રહેલા જહાજમાંથી આકાશ તરફ ધુમાડાના ઘાટા ગોટા ઉડતા જોવા મળ્યા હતા.



બનાવને પગલે રશિયન કોસ્ટગાર્ડ અને ઈમરજન્સી ટીમો દ્વારા તાત્કાલિક ધોરણે મોટું રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. રશિયાના ટ્રાન્સપોર્ટ મંત્રાલયે ટેલિગ્રામ પર સત્તાવાર નિવેદન આપીને પુષ્ટિ કરી છે કે, ટેંકર પર સવાર તમામ ૨૩ સભ્યો ભારતીય નાગરિકો હતા અને સદનસીબે આ ભયાનક આગની દુર્ઘટનામાં કોઈ પણ ભારતીયને ઈજા પહોંચી નથી. કલાકોની ભારે જહેમત બાદ ફાયરફાઈટર્સની ટીમોએ આગ પર કાબૂ મેળવ્યો હતો. સુરક્ષાના ભાગરૂપે રશિયાના દક્ષિણી ક્રાસ્નોદાર ક્ષેત્રમાં સ્થિત સિરિયસના સ્થાનિક તંત્રે આજુબાજુના દરિયા કિનારા (બીચ) સામાન્ય લોકો માટે તાત્કાલિક અસરથી બંધ કરી દીધા છે.

ઉલ્લેખનીય છે કે, કાળા સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ અને ડ્રોન હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય જહાજો પરનું જોખમ સતત વધી રહ્યું છે. આ અગાઉ પણ બ્લેક સીમાં એક રશિયન ડ્રોન હુમલામાં 'એમવી રોયાદ મમાદોવ' નામક કાર્ગો શિપને નિશાન બનાવાયું હતું, જેમાં સવાર ૩ ભારતીયો પૈકી ભારતીય કેપ્ટનનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્યોને રોમાનિયા સ્થિત ભારતીય દૂતાવાસના તકેદારીના પગલાંથી ઉગારી લેવાયા હતા. વર્તમાન કટોકટીભરી સ્થિતિ વચ્ચે તમામ ભારતીય ખલાસીઓનો સુરક્ષિત બચાવ થવાથી મોટી રાહત અનુભવાઈ રહી છે.

# ફ્રાન્સમાં જેન-ઝીનું આંદોલન હિંસક બન્યું

પેરિસ,

ફ્રાન્સમાં શિક્ષણ ક્ષેત્રે વધુ બજેટ ફાળવવાની માગણી સાથે જેન-ઝી દ્વારા શરૂ કરાયેલ વિરોધ પ્રદર્શનોએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે અને હવે સમગ્ર ફ્રાન્સમાં આ આંદોલન ફેલાઇ ગયું છે. મંગળવારે હજારો વિદ્યાર્થીઓ-શિક્ષકો અને અન્ય લોકો રસ્તા પર ઉતર્યા હતા, સાથે જ લગભગ તમામ શાળાઓને બંધ કરાવી દીધી હતી. સરકારે શિક્ષણની હત્યા કરી છે જેવા સુત્રોચ્ચાર કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે બેફામ લાઠીચાર્જ, આંસુ ગેસના શેલનો મારો ચલાવ્યો હતો.

પોલીસના બળ પ્રયોગ બાદ પ્રદર્શનકારીઓ વધુ રોષે ભરાયા હતા પરિણામે અનેક સ્થળે પોલીસ-પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, આ દરમિયાન અનેક વાહનોને આગ લગાવાઈ




હતી.વિરોધ પ્રદર્શનોમાં વિદ્યાર્થીઓ, તેમના માતા પિતા અને શિક્ષકો પણ જોડાયા હતા. પેરીસમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા એક વિદ્યાર્થી રોબર્ટાએ મીડિયાને જણાવ્યું હતું કે ફ્રાન્સની શાળાઓ ખરાબ અવસ્થામાં છે, પાણી લીક થાય છે, ઉંદરોનો ત્રાસ વધી રહ્યો છે. સરકારે રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થાને સુધારવા માટે બજેટ વધારવું જ પડશે.

# ફ્રાન્સ પર કબજો કરવા માંગે છે ઈસ્લામ: ટ્રમ્પ

## મુદ્દો માત્ર શાળાઓ પૂરતો સીમિત નથી, પરંતુ ઈસ્લામના માધ્યમથી આખા દેશ પર વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે: ડોનાલ્ડ ટ્રમ્પનો આક્ષેપ

વોશિંગ્ટન ડીસી,

ફ્રાન્સમાં શાળાઓમાં શ્રેષ્ઠ સુવિધાઓ અને શિક્ષણ પ્રણાલીમાં સુધારાની માંગ સાથે શરૂ થયેલું ધીહ-ઢ વિદ્યાર્થીઓનું આંદોલન હવે અત્યંત ઉગ્ર અને હિંસક બની ગયું છે. સમગ્ર દેશમાં આશરે અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતરી આવ્યા છે. સપ્ટેમ્બરના અંતથી હાઈસ્કૂલો બહાર શરૂ થયેલા આ પ્રદર્શનોએ હવે દેશવ્યાપી સ્વરૂપ ધારણ કરી લીધું છે, જેમાં અનેક સ્થળોએ તોડફોડ, ચક્કાજામ અને આગચંપીની ઘટનાઓ નોંધાઈ છે.

ફ્રાન્સની આ તંગદિલી વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિરોધ પ્રદર્શનને અલગ જ રાજકીય દ્રષ્ટિકોણથી રજૂ કર્યું છે. પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે ફ્રાન્સમાં સર્જાયેલી અરાજકતા પાછળ શિક્ષણ ક્ષેત્રની સમસ્યાઓ નહીં પરંતુ મોટા પાયે થઈ રહેલું સ્થળાંતર (માઈગ્રેશન) છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ મુદ્દો માત્ર શાળાઓ પૂરતો સીમિત નથી, પરંતુ ઈસ્લામના માધ્યમથી આખા દેશ પર વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પનું આ આક્રમક નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓ નજીક આવી રહી છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી શરૂઆતથી જ સરહદ સુરક્ષા અને ગેરકાયદે સ્થળાંતર જેવા મુદ્દાઓને પ્રમુખતા આપતી રહી છે. ટ્રમ્પના 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' (સ્છય્છ) અભિયાન સાથે જોડાયેલા સમર્થકો ફ્રાન્સના હિંસક વિરોધ પ્રદર્શનના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે.

# મોસ્કો પર યુક્રેને સૌથી વધુ ૬૫૦ ડ્રોન છોડયા, ફ્યૂઅલ ડેપોનો નાશ

## યુક્રેનના હુમલામાં બે રશિયનના મોત: રશિયાએ જવાબી હુમલામાં યુક્રેનના બ્રિજને નિશાન બનાવ્યા

કીવ/મોસ્કો,

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે, યુક્રેને રશિયા પર ફરી ૯૦૦ જેટલા ડ્રોન છોડયા હતા. રશિયાએ યુક્રેનના જે વિસ્તારો પર કબજો કરી લીધો છે ત્યાં પણ યુક્રેને ડ્રોનનો મારો ચલાવ્યો હતો. મીડિયા રિપોર્ટ મુજબ મોસ્કોમાં પેટ્રોલ-ડીઝલના ડેપો પર ડ્રોન હુમલો થતા ભારે આગ લાગી હતી, જેમાં બે લોકો માર્યા ગયા હતા. જ્યારે રશિયાએ પણ યુક્રેનના બ્રિજને નિશાન બનાવી હુમલા કર્યા છે જેમાં પાંચ



લોકો ઘાયલ થયા હતા.

યુક્રેન ઘણા સમયથી રશિયાના અંતરિયાળ વિસ્તારો સુધી હુમલા કરી શકે તેવા ડ્રોનનો ઉપયોગ વધારી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ મોસ્કોને ટાર્ગેટ કરીને એક હજાર જેટલા ડ્રોન છોડયા હતા. હવે ફરી ૯૦૦ જેટલા ડ્રોન છોડવામાં આવ્યા છે. જેમાં રશિયાની રાજધાની મોસ્કોને ફરી નિશાન બનાવી છે. રશિયાએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે અમે યુક્રેન દ્વારા છોડાયેલા ૯૦૦માંથી મોટાભાગના ડ્રોનને હવામાં જ તોડી પાડયા હતા. જોકે સ્થાનિક મીડિયાના દાવા મુજબ કેટલાક ડ્રોન મોસ્કો સુધી પહોંચીને ઈંધણના ડેપો પર ત્રાટક્યા હતા. મોસ્કોના મેયર સેરગેઇ સોબ્યાનીને કહ્યું હતું કે યુક્રેને સોમવારથી મંગળવાર વચ્ચે મોસ્કો પ્રાંત પર આશરે ૬૫૦ જેટલા ડ્રોન છોડયા હતા. જેમાંથી મોટાભાગનાનો નાશ કરાયો હતો.

યુક્રેન વારંવાર રશિયાના ઓઈલ મથકો, ઈંધણ ડેપોને નિશાન બનાવી ડ્રોન હુમલા કરી રહ્યું છે. તાજેતરમાં જ યુક્રેને કહ્યું હતું કે તેણે રશિયાની રિફાઇનરીની ૫૧ ટકા ક્ષમતાને નિષ્ક્રિય કરી નાખી છે. યુક્રેને સાથે એવો પણ દાવો કર્યો છે કે રશિયા અમારા પર મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. જોકે અમે આવા કોઇ પણ હુમલાને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છીએ.

# કરાંચીમાં નોકરીની લાલચ આપીને ૬૦ યુવતીના મોબાઈલ લઈને ગઠીયા ફરાર

## એક અઠવાડિયા સુધી કામ કરવા માટે દરરોજ ૨,૦૦૦ પાકિસ્તાની રૂપિયા આપવાનું કહેલ, કાર્યક્રમના સ્થળે લઈ જવાને બદલે ફાર્મહાઉસ લઈ ગયા

કરાચી,

પાકિસ્તાનના કરાચીમાં ઠગો નોકરીની લાલચ આપીને ઓછામાં ઓછી ૬૦ યુવતીઓના મોબાઇલ ફોન લઈને ફરાર થઈ ગયા. ઠગોએ સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપ દ્વારા તેમને એક કાર્યક્રમમાં સ્ટોલ સંભાળવાનું કામ આપ્યું હતું.યુવતીઓને ૩૦ સપ્ટેમ્બરે કરાચીની બહાર આવેલા એક ફાર્મહાઉસમાં લઈ જવામાં આવી હતી, જ્યાં કંપનીની પોલિસી છે એવો હવાલો આપીને તેમના મોબાઇલ જમા કરાવી લેવામાં આવ્યા હતા. થોડા સમય બાદ ઠગો મોબાઇલથી ભરેલી બેગ લઈને બાઇક પર ફરાર થઈ ગયા.

સ્થાનિક પોલીસકર્મી મુહમ્મદ અલીએ જણાવ્યું કે તમામ યુવતીઓ નોકરીની શોધમાં હતી અને મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવતી હતી.તેમને એક અઠવાડિયા સુધી કામ કરવા માટે દરરોજ ૨,૦૦૦ પાકિસ્તાની રૂપિયા અને અન્ય સુવિધાઓ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.તેમને જણાવવામાં આવ્યું હતું કે કરાચીની બહાર આવેલી એક ગેટેડ કમ્યુનિટીમાં કાર્યક્રમ યોજાશે, જ્યાં તેમને સ્ટોલ લગાવવાના છે.

કાર્યક્રમના સ્થળે લઈ જવાને બદલે ફાર્મહાઉસ લઈ ગયા

એક પીડિતાએ જણાવ્યું કે મુખ્ય આરોપી અને તેનો સાથી સામાન્ય રીતે વર્ત્યા. તેમણે કહ્યું કે ફાર્મહાઉસમાં મહિલા કો-ઓર્ડિનેટર સાથે મુલાકાત થશે અને બપોરના ભોજન બાદ સૌને બેહરિયા ટાઉન લઈ જઈને સ્ટોલ લગાવવાના છે. ત્યારબાદ મુખ્ય આરોપીએ કંપનીની નીતિનો હવાલો આપીને તમામ છોકરીઓના મોબાઈલ જમા કરાવી લીધા. તેણે કહ્યું કે કામ પૂરું થયા બાદ ફોન પરત આપી દેવામાં આવશે. મુખ્ય આરોપી ગુજરાંવાલામાં છુપાયો મુહમ્મદ અલીએ કહ્યું કે આટલી મોટી સંખ્યામાં મોબાઇલ ફોન લઈને ફરાર થવાનો આવો મામલો તેમણે પહેલી વાર જોયો છે. પોલીસ મુખ્ય આરોપીની શોધ કરી રહી છે.

# રશિયામાં પ્લેગ આવ્યો કે પછી કોરોના વાઈરસ ફેલાયો?

## લેબમાં એક વ્યક્તિના મોત બાદ WHOએ માંગ્યો રિપોર્ટ, રશિયન આરોગ્ય વિભાગે પ્લેગના કેસ નકાર્યા

મોસ્કો,

રશિયાની એક લેબમાં એક મહિલા સંશોધકનું મોત થયા વિશ્વભરમાં વાઈરસને લઈને ચિંતામાં માહોલ છવાયેલો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા રશિયન ફેડરેશનના ઈર્કુત્સ્ક પ્રદેશમાં ઈર્કુત્સ્ક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એક પ્રયોગશાળા કાર્યકરના મૃત્યુના અહેવાલ પર સક્રિયપણે નજર રાખી રહી છે. ગંભીર ન્યુમોનિયાથી હોસ્પિટલમાં દાખલ થયા બાદ ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મહિલા સંશોધકનું મૃત્યુ થયું હતું. પ્રારંભિક મીડિયા અહેવાલો સૂચવે છે કે આ કેસ કથિત આકસ્મિક પ્રયોગશાળા ચેપના પરિણામે ન્યુમોનિક પ્લેગનો હતો, જોકે, તેની સત્તાવાર કોઈ પુષ્ટી કરવામાં આવી નથી.



આંતરરાષ્ટ્રીય આરોગ્ય નિયમો હેઠળ ચકાસણી માટે WHO ના અનુરોધના જવાબમાં, રશિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈર્કુત્સ્ક પ્રદેશમાં તાજેતરમાં પ્લેગના કોઈ કેસ નોંધાયા નથી. તેઓએ WHOને જાણ કરી કે રોગચાળાની તપાસ હાથ ધરવામાં આવી છે, નિવારક અને નિયંત્રણ પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે, અને ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કોની તપાસ કરવામાં આવી છે અને તેમને તબીબી દેખરેખ હેઠળ મૂકવામાં આવ્યા છે. તેઓએ અહેવાલ આપ્યો હતો કે, ચેપગ્રસ્ત વ્યક્તિમાં કોઈ ઉચ્ચ-જોખમવાળા રોગકારક જીવાણુઓ મળી આવ્યા નથી અને બધા સંપર્કો માટે તબીબી દેખરેખ પૂર્ણ થઈ ગઈ છે.

ગંભીર ન્યુમોનિયાના એક કેસ બાદ, અજ્ઞાત કારણોસર ન્યુમોનિયાથી પીડાતા બીજા કર્મચારી (જેમાં જાહેર આરોગ્યને લગતા પગલાં લેવા જરૂરી બને તેવા રોગકારક પરિબળની સંડોવણી હોય છે) અંગેના મીડિયા અહેવાલોના સંદર્ભમાં WHO એ વધુ માહિતી અને સ્પષ્ટતા માંગી છે. જેથી આ સમગ્ર દિશામાં અત્યારે રશિયન આરોગ્ય એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તપાસના અંતે આ સમગ્ર બાબતનો રિપોર્ટ WHOને સોંપવાનો રહેશે.

# ગુજરાતમાં વધુ પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનો શરૂ થશે

## કોમર્શિયલ પાયલટ તાલીમ માટે ગુજરાત બન્યું નેશનલ હબ : હાલમાં રાજ્યમાં પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન કાર્યરત




ગાંધીનગર,

મૂખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાત સરકારે આકાશમાં ઊંચી ઉડાન ભરી છે અને ગુજરાતમાં સિવિલ એવિએશનનું મજબૂત માળખુ તૈયાર થતાં કોમર્શિયલ પાયલટ ટ્રેનિંગ માટે ગુજરાત નેશનલ હબ બન્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં જેશમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ટરમાં મહત્વનાં પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે અને યુવાનો માટે કારકિર્દીના નવાં દ્વારો ખુલ્યા છે.

ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO)નું મજબૂત ઈકોસિસ્ટમ ઊભું કરીને એવિએશન ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે આગોતરો અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL)ના માધ્યમથી ગુજરાતે પોતાનું મજબૂત એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કર્યું છે. મૂખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં સિવિલ એવિએશન વિભાગ દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ થકી ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનો વિકાસ કરી રહ્યું છે.

આ માળખા હેઠળ રાજ્ય માલિકીના એરપોર્ટ અને એરસ્ટ્રિપો પર આશરે ૧,૫૦૦ ચોરસ મીટર જમીન પારદર્શક બિડિંગ પ્રક્રિયા દ્વારા પાત્ર ઓપરેટરોને ફાળવવામાં આવી છે. આ પહેલનો હેતુ કુશળ એવિએશન માનવબળ તૈયાર કરવાનો છે અને ખાનગી રોકાણ આકર્ષવાનો છે.

ભારતનું સિવિલ એવિએશન ક્ષેત્ર વધતા પેસેન્જર ટ્રાફિક, ઉડાન યોજના હેઠળ પ્રાદેશિક કનેક્ટિવિટીના વિસ્તરણ અને સ્થાનિક એરલાઈનો દ્વારા મોટા પાયે નવા વિમાનોની ખરીદીના કારણે ઝડપથી વિકસી રહ્યું છે. ભારતીય એરલાઈનોએ સંયુક્ત રીતે આશરે ૧,૭૦૦ નવા વિમાનોના ઓર્ડર આપ્યા છે, જેના પરિણામે આગામી વર્ષોમાં અંદાજે ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ કોમર્શિયલ પાઈલટોની માંગ ઊભી થવાની શક્યતા છે. આ ઉભરી રહેલી તકને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) મારફતે વિશ્વસ્તરીય પાઈલટ તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગુજરાત બન્યું ભારતનું ફ્લાઈંગ ટ્રેનિંગ હબ હાલમાં રાજ્યમાં પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO) કાર્યરત છે. તેમાંથી ચાર રાજ્ય માલિકીની મહેસાણા અને અમરેલી એરસ્ટ્રિપો પર કાર્યરત છે, જ્યારે એક FTO ભારતીય એરપોર્ટ ઓથોરિટી (એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર ભાવનગર એરપોર્ટ ખાતે કાર્યરત છે.

# ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર વિદાય પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય

## દક્ષિણ ગુજરાતમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાંથી ચોમાસાની વિદાય બાદ હવે હવામાનમાં ધીમે ધીમે ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજ્યમાં હાલ નૈઋત્યથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે.

રાજ્યમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય બાદ આકાશ સ્વચ્છ બનતાં દિવસ દરમિયાન ગરમીમાં વધારો થયો છે. હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે સમગ્ર ગુજરાતમાં કોઈ વ્યાપક વરસાદી સિસ્ટમ કે ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે સામાન્યથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ચોમાસાની વિદાય બાદ વરસાદની શક્યતા ઊભી થતાં સ્થાનિક સ્તરે હવામાનમાં અચાનક પલટો જોવા મળી શકે છે. કેટલાક સ્થળોએ વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. જોકે મોટા ભાગના રાજ્યમાં શુષ્ક વાતાવરણ જળવાઈ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં પણ દિવસ દરમિયાન બફારા અને ગરમીનો અનુભવ ચાલુ રહેશે. શહેરનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. સવાર અને રાત્રિના સમયે વાતાવરણમાં થોડો ફેરફાર અનુભવાઈ શકે છે, પરંતુ બપોરના સમયે ગરમીનું પ્રમાણ વધુ રહેવાની શક્યતા છે. હાલની હવામાન સ્થિતિમાં રાજ્યના અલગ અલગ ભાગોમાં બે પ્રકારનું વાતાવરણ જોવા મળી શકે છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને વરસાદની શક્યતા છે, જ્યારે કેટલાક ભાગમાં ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે. આ કારણે ઓક્ટોબરની શરૂઆતમાં જ ગુજરાતીઓને એક તરફ વરસાદી માહોલ તો બીજી તરફ ગરમીનો અનુભવ થઈ શકે છે.

# વલસાડમાં પ્રાથમિક શાળાના આચાર્યએ જીવન ટૂંકાવ્યું, ઓનલાઈન કામગીરીના ભારણથી તણાવમાં હોવાની ચર્ચા



વલસાડ,

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નિલોશી ગામની પ્રાથમિક શાળાના આચાર્ય શંકર જાધવના મોતનો બનાવ સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી છે. પ્રાથમિક માહિતી મુજબ તેઓ છેલ્લા કેટલાક સમયથી શાળાની ઓનલાઈન કામગીરીના ભારણને કારણે તણાવમાં હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં કપરાડા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. પોલીસને ઘટનાસ્થળેથી એક સ્યુસાઈડ નોટ મળી હોવાનું સામે આવ્યું છે, જેને પોલીસે કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આચાર્ય શંકર જાધવ પર શાળાની ઓનલાઈન કામગીરીનું વધુ ભારણ હતું કે કેમ અને તેના કારણે તેઓ તણાવમાં હતા કે નહીં, તે સહિતના મુદ્દાઓને પોલીસે તપાસ હેઠળ લીધા છે. સ્યુસાઈડ નોટમાં શું લખવામાં આવ્યું છે અને તેમાં કોઈ વ્યક્તિ કે કારણનો ઉલ્લેખ છે કે નહીં તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

કપરાડા પોલીસે સમગ્ર ઘટનાને લઈને જરૂરી કાર્યવાહી શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની તપાસ અને સ્યુસાઈડ નોટના આધારે ઘટનાનું ચોક્કસ કારણ જાણવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# સેવા સંકલ્પ અભિયાન : ૬,૪૨૪ સહભાગીઓએ સપ્તરંગોની થીમ પર સમકાલીન મંડલા આર્ટનું કર્યું જીવંત નિર્માણ

## અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર સર્જાયો નવો ઈતિહાસ, એશિયા બુક ઑફ રેકોર્ડ્સમાં અમદાવાદનું વધુ એક ગૌરવપૂર્ણ સ્થાન

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણનાં ૨૫ ગૌરવપૂર્ણ વર્ષ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવાના રંગો, રાષ્ટ્રના સંગ' સંદેશ સાથે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી ભવ્ય માનવ આકૃતિ (રંગોળી)ના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરની વિવિધ શાળા કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓના અંદાજે સાડા છ હજાર છાત્રો સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માનવ રંગોળીમાં સહભાગી થયેલા વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે રંગોળીનું નિરીક્ષણ પણ કર્યું હતું.

વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, શિસ્ત અને સામૂહિક ભાગીદારીને બિરદાવતાં તેમણે આ અનોખી પ્રવૃત્તિ દ્વારા આપવામાં આવેલા 'સેવાના રંગ, રાષ્ટ્રને સંગ'ના સંદેશને બિરદાવ્યો હતો. માનવ આકૃતિમાં ભાગ લેનાર પ્રતિનિધિઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ અનોખી માનવ રંગોળીમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ઓરેન્જ, યેલો, રેડ, પર્પલ, ગ્રીન, બ્લ્યૂ અને વ્હાઈટ સહિતના સપ્તરંગોના સમૂહમાં એકસાથે જોડાઈ ભારત દેશની આકર્ષક માનવ રંગોળી રચી હતી. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓની સામૂહિક ભાગીદારી અને રંગોની સુંદર ગોઠવણીથી સમગ્ર કાર્યક્રમ સ્થળ રાષ્ટ્રભાવનાના રંગોથી રંગાઈ ગયું હતું. મા અંબાના ગરબા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિ રસમાં તરબોળ બન્યું હતું.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા, મેયર હિતેશભાઈ બારોટ, સાંસદ દિનેશભાઈ મકવાણા અને હસમુખભાઈ પટેલ, ધારાસભ્યો સર્વે અમિતભાઈ ઠાકર, દિનેશસિંહ કુશવાહ, જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, અમૂલભાઈ ભટ્ટ, ડૉ. હસમુખભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, કંચનબેન રાદડિયા, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સહિત અધિકારીઓ, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના શેલામાં આવેલા મોબાઈલ શો-રૂમમાં રૂપિયા ૨૦ લાખની છેતરપિંડી

## શો-રૂમના મેનેજરે વેચેલા મોબાઈલના નાણાં જમા ન કરાવી બારોબાર સગેવગે કરી લીધા

અમદાવાદ,

અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલા મોબાઈલ શો-રૂમમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા શખસે દુકાન માલિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મેનેજરે પોતાની સત્તાનો દુરુપયોગ કરી શો-રૂમમાંથી અંદાજે ૨૦.૭૦ લાખ રૂપિયાની માતબર રકમની ઉચાપત કરી છે. કસ્ટમરને વેચેલા કિંમતી મોબાઈલના નાણાં જમા ન કરાવી બારોબાર સગેવગે કરી દેનાર મેનેજર સામે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, મેમનગરના રહેવાસી મનીષ ગહેલોતે ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ શેલા ખાતે આ શો-રૂમ શરૂ કર્યો હતો અને સ્થાનિક જય જોષીને સ્ટોર મેનેજર તરીકેની તમામ જવાબદારી સોંપી હતી. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કંપનીની હેડ ઓફિસથી ઓડિટ દરમિયાન મનીષને જાણ કરવામાં આવી હતી કે તેના હિસાબમાં ૬.૨૦ લાખ રૂપિયાનું બેક્કિંગ શોર્ટ બોલે છે. આ અંગે પૂછપરછ કરાતાં મેનેજર જયે બે દિવસમાં રકમ જમા કરાવી દેવાની બાંહેધરી આપી હતી. પરંતુ બીજી ઓક્ટોબરના સુધી નાણાં જમા ન થતાં રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી.દુકાન માલિક અને હેડ ઓફિસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. મેનેજર જય જોષીએ કંપનીની જાણ બહાર સ્ટોકમાંથી કુલ ૧૬ કિંમતી સ્માર્ટફોન બારોબાર વેચી મારીને ૧૪.૪૯ લાખ રૂપિયા પણ ચાંઉ કરી લીધા હતા.

# બનાસકાંઠામાં ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈને મહાઆંદોલન : રેલી અને મહાસભા યોજાઈ

## ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ યોજાયેલી રેલી અને મહાસભામાં ખેડૂતોની ૧૫થી વધુ માંગણીઓ રજૂ કરવામાં આવી

પાલનપુર,

બનાસકાંઠાના પાલનપુરમાં એક તરફ ખેડૂતોની મહાસભા, બીજી તરફ હાથમાં બેનરો સાથે રેલી અને બાદમાં રસ્તા પર ચક્કાજામ. પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે બનાસકાંઠાના હજારો ખેડૂતો આજે પાલનપુરમાં એકઠા થયા હતા.

ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ યોજાયેલી મહાસભામાં ખેડૂતોની ૧૫થી વધુ માંગણીઓ રજૂ કરવામાં આવી. બટાકાના પાકમાં સબસિડી, પાક ધિરાણ માફી, પાંચ લાખ રૂપિયા સુધીનું પાક ધિરાણ શૂન્ય ટકા વ્યાજે આપવાની માંગ, ખેતીના ઓજારોની સબસિડીમાં ડ્રો પ્રથા બંધ કરવાની માંગ અને સાંજે ૭થી ૯ વાગ્યા સુધી ખેતરોમાં વીજળી બંધ રહેતી હોવાની ફરિયાદ સાથે ખેડૂતોએ રેલી યોજી હતી.

મહાસભા બાદ ખેડૂતો ત્રણ કિલોમીટર સુધી પગપાળા રેલીમાં જોડાયા. સૂત્રોચ્ચાર કરતા ખેડૂતો જોડનાપુરથી પાલનપુર કલેક્ટર કચેરી પહોંચ્યા. ખેડૂતોની માગ હતી કે બનાસકાંઠાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે સાથે જ ખેતરોમાં જમીન સંપાદન થાય ત્યારે બજાર ભાવ પ્રમાણે વળતર આપવામાં આવે.

કલેક્ટર કચેરી પહોંચ્યા બાદ કલેક્ટર હાજર ન હોવાનું સામે આવતા ખેડૂતોનો પારો ચઢ્યો. કલાકો સુધી ભૂખ્યા-તરસ્યા ખેડૂતો રાહ જોતા રહ્યા અને આખરે રસ્તા પર જ બેસીને ચક્કાજામ કરી દીધો.

ખેડૂતોના ચક્કાજામના કારણે પાલનપુર શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. લગભગ પાંચ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ. ટુ-વ્હીલરથી લઈને ફોર-વ્હીલર, બસો અને ઈમરજન્સી વાહનો પણ ટ્રાફિકમાં ફસાયા. જેના કારણે નોકરી-ધંધા માટે નીકળેલા લોકો, સ્થાનિકો અને દર્દીઓને પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો.

# અમદાવાદના વાસણામાંથી ગાંજાની ૯૦ પડીકીઓ સાથે રીક્ષા ડ્રાઈવર ઝડપાયો




અમદાવાદ,

અમદાવાદમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી તેજ કરી છે. શહેરના વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન નજીકથી એસઓજી ક્રાઈમ બ્રાન્ચે ઓટોરિક્ષામાં ગાંજાનો જથ્થો લઈ જતા ૪૫ વર્ષીય ડ્રાઈવરને ઝડપી પાડ્યો છે. આરોપીની રિક્ષામાંથી ૧૮૪ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જે ૯૦ નાની પડીકીઓમાં પેક કરવામાં આવ્યો હતો.પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ટીમે વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ ઓટોરિક્ષાને રોકીને તેની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડ્રાઈવરની સીટ નીચેથી પીળા રંગની બેગ મળી આવી હતી. બેગમાં રહેલી કાળી પ્લાસ્ટિકની થેલીમાંથી ગાંજાની ૯૦ નાની પારદર્શક પડીકીઓ મળી આવી હતી.

એફએસએલ અધિકારીની પ્રાથમિક તપાસમાં મળી આવેલો પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

# સોમનાથમાં મોદીના જાહેરજીવનના ૨૫ વર્ષની ઉજવણીમાં ૧૦ હજારથી વધુ કાર્યકર્તાઓ જોડાશે

## ગીર સોમનાથ જિલ્લા ભાજપ દ્વારા સોમનાથ ખાતે 'સેવા જ્યોત યાત્રા'નું આયોજન

સોમનાથ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને શાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશ અને ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લા ભાજપ દ્વારા સોમનાથ ખાતે 'સેવા જ્યોત યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. સદભાવના ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં જિલ્લામાંથી ૧૦ હજારથી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહે તેવી તૈયારી ચાલી રહી છે.સિટી ગાઈડ જુઓ

કાર્યક્રમને લઈને સદભાવના ગ્રાઉન્ડ ખાતે વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. સ્ટેજ, બેઠક વ્યવસ્થા, સાઉન્ડ સિસ્ટમ સહિતની વિવિધ કામગીરી હાલ અંતિમ તબક્કામાં છે. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પહોંચવાના હોવાથી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. સંજય પરમારના જણાવ્યા મુજબ, આવતીકાલે સવારે ૧૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી કાર્યક્રમ સાથે જોડાશે. તેઓ કાર્યકર્તાઓને સંબોધન કરશે અને સેવા જ્યોત પ્રગટાવશે.દાન સ્વીકારો

મુખ્ય કાર્યક્રમમાં ગીર સોમનાથ જિલ્લાના વિવિધ વિધાનસભા વિસ્તારોમાંથી કાર્યકર્તાઓ પહોંચશે. વડાપ્રધાનના વર્ચ્યુઅલ સંબોધન બાદ પ્રતીકાત્મક રીતે 'સેવા જ્યોત યાત્રા' અને મશાલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે સોમનાથમાં યોજાનારી પદયાત્રા માટે ત્રણ અલગ-અલગ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. કાર્યક્રમ બાદ આ રૂટ પર સેવા જ્યોત યાત્રા યોજાશે.કાર્યક્રમમાં સાંસદ નિમુબેન બાંભણિયા, રાજેશ ચુડાસમા, માનસિંહ પરમાર સહિત જિલ્લાના ધારાસભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. સંજય પરમાર તેમજ સંગઠનના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહેવાના છે.

# કેનેડાની પીઆર બાદ લગ્નજીવનમાં વિખવાદ, વડોદરામાં મહિલાએ પતિ અને સાસરિયાં સામે એફઆઈઆર નોંધાવી

## પતિના એક મિત્રના વર્તન અંગે પણ મહિલાએ ગંભીર આક્ષેપો કર્યા

વડોદરા,

વડોદરામાં પોતાના ચાર વર્ષના બાળકની સારવાર કરાવી રહેલી એક મહિલાએ પતિ અને સાસરિયાં સામે શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. મહિલાનો આરોપ છે કે લગ્ન બાદ પતિના વર્તનમાં બદલાવ આવ્યો હતો અને સાસરિયાં દ્વારા પણ તેને પરેશાન કરવામાં આવતી હતી. આ ઉપરાંત પતિના એક મિત્રના વર્તન અંગે પણ મહિલાએ ગંભીર આક્ષેપો કર્યા છે. આ મામલે મહિલાની ફરિયાદના આધારે વડોદરાના સમા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદને આગળની કાર્યવાહી માટે આણંદ જિલ્લાના ખંભોળજ પોલીસ સ્ટેશન તરફ મોકલવામાં આવી છે. ફરિયાદ મુજબ, મહિલાના અગાઉના લગ્ન બાદ છૂટાછેડા થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં તેની ઓળખ કાર્તિક પટેલ સાથે થઈ હતી. મહિલાના જણાવ્યા પ્રમાણે, કેનેડાની કાયમી રહેવાસી બનવાની પ્રક્રિયા બાદ બંને પરિવારોની સંમતિથી વર્ષ ૨૦૧૯માં લગ્ન થયા હતા.લગ્ન બાદ પતિની કેનેડા જવાની પ્રક્રિયા માટે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. મહિલાનો દાવો છે કે વર્ષ ૨૦૨૨માં કેનેડામાં તેમના બાળકનો જન્મ થયો અને ત્યારબાદ પતિને પણ કેનેડાની કાયમી રહેવાસીનો દરજ્જો મળ્યો હતો.દાન સ્વીકારો મહિલાના આક્ષેપ મુજબ, કેનેડા ગયા બાદ થોડા સમય પછી પતિના વર્તનમાં બદલાવ આવ્યો હતો. ઘરકંકાસ અને મારપીટ થતી હોવાનો તેણે દાવો કર્યો છે. પરિવારના સભ્યોને આ અંગે જાણ કર્યા બાદ તેમને ભારત પરત આવવાની સલાહ આપવામાં આવી હતી.વર્ષ ૨૦૨૩માં મહિલા પોતાના બાળક સાથે ભારત પરત આવી હતી. ત્યારબાદ આણંદમાં રહેતા સમયે પણ પિયરમાંથી સોનું લાવવા સહિતની બાબતોને લઈને દબાણ કરવામાં આવતું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

મહિલાએ ફરિયાદમાં પતિના એક મિત્રના વર્તન અંગે પણ આક્ષેપ કર્યા છે. તેના જણાવ્યા પ્રમાણે, આ વ્યક્તિ ઘરે આવતો હતો અને તેની સાથે અયોગ્ય વર્તન કરવાનો પ્રયાસ કરતો હતો. મહિલાએ પતિને આ અંગે જાણ કરી હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે.

મહિલાએ પતિ સામે લગ્નજીવન દરમિયાન બળજબરી અને જાતીય અત્યાચારના ગંભીર આક્ષેપો પણ કર્યા છે. તેના જણાવ્યા પ્રમાણે, આવી એક ઘટનાનો વીડિયો બનાવવામાં આવ્યો હતો અને બાદમાં વીડિયો ડિલીટ કરી દીધો હોવાની વાત કહેવામાં આવી હતી. જોકે, આ વીડિયો અંગે હજુ પોલીસ તપાસ કરી રહી છે.

# અમદાવાદમાં બાળ તસ્કરી રેકેટ : ૧૦ લાખમાં બાળકને ઉત્તર પ્રદેશમાં નિ:સંતાન દંપતી સુધી પહોંચાડવાનો પ્રયાસ

## પોલીસે એક યુવતી, બે સગીર અને ઉત્તર પ્રદેશના એક યુવક સહિત ચાર આરોપીઓને ઝડપી લીધા

અમદાવાદ,

ન્યૂ રાણીપ વિસ્તારમાં શ્રમજીવી પરિવારના ૩૭ દિવસના બાળકની ચોરીના ચકચારી કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે એક યુવતી, બે સગીર અને ઉત્તર પ્રદેશના એક યુવક સહિત ચાર આરોપીઓને ઝડપી લીધા છે. પોલીસ તપાસમાં બાળકને ઉત્તર પ્રદેશમાં નિ:સંતાન દંપતી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની વિગતો સામે આવી છે.

૨ ઓક્ટોબરની વહેલી સવારે ન્યૂ રાણીપ વિસ્તારમાં ફૂટપાથ પર પરિવાર સાથે સૂતેલા બાળક ગુમ થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સાબરમતી પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય



પોલીસ ટીમોએ તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ તપાસ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.દાન સ્વીકારો

પોલીસની તપાસ દરમિયાન ૩ ઓક્ટોબરે સાંજે બાળક રાણીપ વિસ્તારના તળાવ નજીકથી મળી આવ્યું હતું. પોલીસે બાળકને સુરક્ષિત રીતે પરિવાર સુધી પહોંચાડ્યું હતું. ત્યારબાદ ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવતા એક યુવતીની શંકાસ્પદ હિલચાલ સામે આવી હતી.

સીસીટીવી અને અન્ય તપાસના આધારે પોલીસે યુવતીને ઝડપી લીધી હતી. પૂછપરછ દરમિયાન સમગ્ર મામલે અન્ય આરોપીઓની સંડોવણીની માહિતી મળતાં પોલીસે બે સગીરોને પણ ઝડપી લીધા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ બાળકને એક એજન્ટ મારફતે ઉત્તર પ્રદેશમાં પહોંચાડવાની તૈયારીમાં હતા. બાળકના બદલામાં લાખો રૂપિયાની લેવડદેવડ થવાની હતી. તપાસમાં એક યુવાનની પણ સંડોવણી સામે આવતા પોલીસે તેને ઉત્તર પ્રદેશમાંથી ઝડપી લીધો છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ કેસમાં

# રાજકોટના હાર્દ સમા રેસકોર્સમાં ૧૫૦૦થી વધુ છાત્રોએ રચ્યો ભારતના નકશાનો આકાર

## ૪૦ હજાર ચો.ફૂટમાં માનવ સાંકળ થકી સ્વચ્છતા-એકતાનો સંદેશ,પ્રાકૃતિક રંગોળીએ આકર્ષણ જમાવ્યું



રાજકોટ: રાજકોટના હાર્દ સમા રેસકોર્સ ખાતે સ્વચ્છતા, એકતા અને સાંસ્કૃતિક વારસાનો અનોખો સંગમ સર્જાયો હતો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૧૫૦૦થી વધુ છાત્રોએ આશરે ૪૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં એકસાથે જોડાઈ ભારતના નકશા આકારની વિશાળ માનવ સાંકળ રચી હતી. આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી રીવાબા જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે મંત્રીશ્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, 'માનવ સેવા, જન સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્ર સાથે પ્રધાનમંત્રીશ્રીએ સેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષનું જાહેર જીવન સેવા, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણની યાત્રા છે.

ગુજરાતના મુખ્યમંત્રી બનવાથી લઈને દેશના વડાપ્રધાન બન્યા બાદ અવિરતપણે તેમણે ગરીબો, વંચિતો, મહિલાઓ અને યુવાનોના સશક્તિકરણને પ્રાથમિકતા આપી છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ના મંત્ર સાથે જનધન, આયુષ્માન ભારત, આવાસ, લખપતિ દીદી સહિતની યોજનાઓના લાભ તમામ લોકો સુધી પહોંચ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત આજે ડિજિટલાઈઝેશન, સોલાર ઊર્જા, સ્જીસ્ઈ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે વિકાસનું મોડલ બની રહ્યું છે, જ્યારે દેશ વંદે ભારત, ભારતમાલા સહિતના માળખાગત પ્રોજેક્ટ્સથી નવી ગતિ મેળવી રહ્યો છે. મહિલા સશક્તિકરણ, કન્યા કેળવણી, સ્વચ્છ ભારત, આત્મનિર્ભર ભારત અને 'વિકસિત ભારત—૨૦૪૭' જેવા સંકલ્પો પ્રધાનમંત્રીશ્રીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વને દર્શાવે છે.

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આશરે ૩૩૦ ટ ૩૦૦ ફૂટના વિશાળ વિસ્તારમાં રચાયેલી આ માનવ સાંકળે 'સ્વચ્છ ભારત' સાથે એકતા અને જનભાગીદારીનો સંદેશ આપ્યો હતો. ૮૦ ફૂટના વિશાળ સર્કલમાં તૈયાર કરાયેલી પ્રાકૃતિક રંગોળી પણ વિશેષ આકર્ષણ બની હતી. અનાજ, બાંધણી અને વિવિધ પ્રકારની સાડીઓ સહિતની સામગ્રીના સર્જનાત્મક ઉપયોગથી તૈયાર કરાયેલી રંગોળીમાં સૌરાષ્ટ્રની આગવી કલા, પરંપરા અને સાંસ્કૃતિક વારસાની ઝલક જોવા મળી હતી. સ્વચ્છતાના સંદેશ સાથે સૌરાષ્ટ્રની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતું આ આયોજન રાજકોટવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ તકે મેયરશ્રી નેહલભાઈ શુક્લએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી દર્શિતાબેન શાહ, શ્રી ઉદયભાઈ કાનગડ, ડેપ્યુટી મેયર શ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા કલેકટર શ્રી ડો. ઓમ પ્રકાશ, અગ્રણીશ્રી માધવભાઈ દવે સહિત વિવિધ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ફૂડ શાખાના ચેકીંગમાં હોસ્પિટલની કેન્ટીનમાંથી મસાલા સહિત ૭ નમુના લેવાયા, મેડીકલ કોલેજની કેન્ટીન પણ ગંદી



રાજકોટ:મનપાની આરોગ્ય અને ફૂડ શાખાના ચેકીંગમાં અલગ અલગ ચાર સ્થળેથી ૧૧૫ કિલો વાસી ફૂડ પકડાતા નાશ કરવામાં આવ્યો છે તો સરકારી મેડીકલ કોલેજ અને હોસ્પિટલની કેન્ટીનમાં પણ સ્ટોરેજ અને સ્વચ્છતામાં બેદરકારી દેખાતા નોટીસ આપીને મસાલા સહિતના નમુના લેવામાં આવ્યા છે. બીજી તરફ જુદા જુદા સ્થળે નોનવેજની દુકાનોમાં ચેકીંગ કરાયું હતું. પરંતુ ત્યાંથી કોઇ બિનઆરોગ્યપ્રદ માલ ન મળતા આશ્ચર્ય ફેલાયું છે. ખાણીપીણીની વેજ દુકાનોથી માંડી રેસ્ટોરન્ટમાં ચેકીંગ સાથે માલના નાશથી માંડી જગ્યા સીલ કરવા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવે છે. તાજેતરમાં નિર્મલા રોડના જાણીતા ફૂડ પાર્લરને પણ સીલ મારવામાં આવ્યું હતું. પરંતુ એગ્ઝની દુકાનોમાં આરોગ્ય વિભાગને ફૂડ બધુ ઓકે મળ્યાનું જાહેર કરાયું છે!

ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહીના ભાગરૂપે ૯૩ પેઢીમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૧૫ કિલો અખાદ્ય, વાસી, એક્સપયાર્ડ જથ્થાનો નાશ કરી ૨૨ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ અપાઇ છે. તો રૂ.૨૭,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

### ગ્રીન પંજાબી, વિશ્વા ફૂડસ, પાણીપુરીવાલાને ત્યાંથી જીવાતવાળા લોટ સહિત ૧૧૫ કિલો માલનો નાશ : ઈંડાવાળાઓને માત્ર નોટીસ

શહેરની પંડિત દિનદયાલ ઉપાધ્યાય સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ કેન્ટીન) હોસ્પિટલ ચોક, જામનગર રોડ ખાતે ચકાસણી કરવામાં આવી હતી. ત્યાં પણ લાયસન્સ તેમજ યોગ્ય સ્ટોરેજ બાબતે નોટિસ આપી તેમજ મરચું પાવડર(લુઝ) હળદર પાવડર (લુઝ) ધાણાજીં પાવડર (લુઝ) સીંગતેલ (લુઝ) ૫.દાળ (પ્રીપેડ લુઝ) ટીંડોળા બટેટાની સબ્જી (પ્રીપેડ લુઝ) રાઈસ (પ્રીપેડ લુઝ) ના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

માલનો નાશ:બેડીપરા ખાદી ગ્રામોદ્યોગ સામેના ગ્રીન પાલક પંજાબી એન્ડ ચાઈનીઝમાંથી ૫૨ કિલો વાસી શાકભાજી, મન્ચ્યુરીયન, સોસ, ચટણી, દાઝયુ તેલ, પડતર લોટ મળતા નોટીસ આપી રૂા. ૩ હજારનો દંડ લેવાયો હતો. રૈયા ચોકડી પાસે વેસ્ટ ગેટ પાસે આવેલ વિશ્વા ફૂડ (ડ્રીઝલ્સ પીઝા)માંથી પણ વાસી કાપેલા શાકભાજી, લોટ, લેબલ વગરના પેકેટ મળી ૨૩ કિલો નાશ અને ૧૦ હજારનો દંડ લેવાયો હતો. કાલાવડ રોડ નેપ્ચ્યુન ટાવર સામેના રોયલ પેલેસમાં આવેલ સ્લરીટ રેસ્ટોરન્ટમાંથી પણ વાસી બ્રેડ, શાકભાજી, રાઈસ, નુડલ્સ સહિત ૧૦ કિલો માલ અને સાધુ વાસવાણી રોડ પાછળ રવિકાંત વિંદ પાણીપુરીવાળાને ત્યાંથી સડેલા બટેટા, જીવાતવાળા લોટ સહિત ૨૦ કિલો માલનો નાશ કરી અનુક્રમે રૂા.બે હજાર અને પાંચસોનો દંડ લઈ નોટીસો આપવામાં આવી હતી.

નોનવેજ દુકાનો:કાલાવાડ કિંગ્સ ક્રાફટ હોટલ પાછળના સુરત એગ મસ્તી, વન-૧૧ એગ અને કેપીટલ એગમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું અને ત્રણે જગ્યાએ નોટીસ આપીને રૂા.એક-એક હજારનો દંડ લેવામાં આવ્યો હતો. જોકે વેજ ખાણીપીણીની દુકાનોની જેમ આ જગ્યાએથી આરોગ્ય વિભાગને એક પણ વાસી વસ્તુઓ મળી ન હતી એટલે કે આ નોનવેજની દુકાનોમાં બધુ ફૂડ ખાવાલાયક હોવાનું આરોગ્ય વિભાગને લાગ્યુ હતું.

લીંબુડીવાડી રોડના રવેચી ટી પાન, ગીફટેડ ડિલાઇટ, આશાપુરા પાન, જ્યોતિનગર મેઈન રોડના અમર પાન, જય દ્વારકાધીશ રેસ્ટોરન્ટ, પારીજાત રોડના મોગલ કૃપા પ્રોવિઝન સ્ટોર, તમન્ના જનરલ સ્ટોર, શ્યામલ કુંજ સોસાયટી સામે અંબિકા પ્રોવિઝન સ્ટોર, કેકેવી હોલ પાસે રામેશ્વરમ મદ્રાસ કાફે, પંચવટી મેઈન રોડના પટેલ ફરસાણને નોટીસ, રૂા.૫૦૦થી ૧૦૦૦ના દંડ કરી ૧૦ કિલો પસ્તીનો નાશ કરાયો હતો.

સમરસ હોસ્ટેલ:યુનિ. રોડના ગંગોત્રી પાર્કમાં સમરસ ગર્લ્સ હોસ્ટેલ (શ્રી આશાપુરા કેટરર્સ)ને લાયસન્સ બાબતે નોટીસ અપાઇ છે તો ક્રિસ્ટલ મોલ પાસે એવન્યુ સુપર માર્ટ લી.ને પણ યોગ્ય સ્ટોરેજ માટે નોટીસ અપાઇ હતી. પેડક રોડના ભેરૂનાથ સમોસા અને આશુતોષ સેન્ડવીચ પણ નોટીસ અપાઇ છે.

ચેકીંગ રાઉન્ડ:વિભાગ દ્વારા એરપોર્ટ રોડ, જયોતિનગર મેઈન રોડ, કાલાવડ રોડ, વાવડી કુંજનગર, પોપટપરા, રેલનગર, ભુપેન્દ્ર રોડ, રાજેશ્રી ટોકીઝ રોડ, કોઠારીયા નાકા સામે, રામનાથપરા મેઈન રોડ, પંચવટી મેઈન રોડ, અતિથિ ચોક, અક્ષર માર્ગ, રાજનગર ચોક, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ રોડ સહિતના વિસ્તારોમાં ખાણીપીણીના ધંધાર્થીઓને ત્યાં ચકાસણી કરવામાં આવી હતી.

# શહેરભરમાં સઘન વાહન ચેકીંગ : અનેક કાળા કાચ અને નંબર પ્લેટ વગરના વાહનો ડિટેઈન

## છરી સાથે લુખ્ખા અને નશાની હાલતમાં નસેડીઓ પણ પકડાયા

રાજકોટ:શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા તેમજ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે લાલઆંખ કરવાના હેતુથી પોલીસ વિભાગ દ્વારા મોડી રાત્રે મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરની સૂચના અન્વયે શહેરના તમામ મુખ્ય સર્કલો, ચાર રસ્તાઓ અને હાઈવેને જોડતા એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ આકસ્મિક અને સઘન વાહન ચેકિંગ દરમિયાન કાળા કાચ ધરાવતી લક્ઝુરિયસ કાર અને નંબર પ્લેટ વગરના શંકાસ્પદ વાહનો સામે કાર્યવાહી કરીને અનેક વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતો.

શહેરના મુખ્ય રાજમાર્ગો જેવા કે કાલાવડ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યાજ્ઞિક રોડ, ગોંડલ રોડ અને કુવાડવા રોડ, રૈયા રોડ સહિતના તમામ મુખ્ય રોડ પર વાહનોનું ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધરાયું હતું. મોડી રાત્રે નીકળતા વાહનચાલકોના લાઈસન્સ, આરસી બુક અને વિમાના કાગળો તપાસવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના કડક આદેશ છતાં હજુ પણ ઘણા વાહનચાલકો પોતાની કારમાં બ્લેક ફિલ્મ (કાળા કાચ) લગાવીને ફરે છે. આવા અનેક વાહનોને અટકાવી સ્થળ પર જ કાળી ફિલ્મ ઉતરાવવામાં આવી હતી.



આ ઉપરાંત, ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા માટે સૌથી મહત્વપૂર્ણ એવા 'નંબર પ્લેટ વગરના' અથવા તો 'ફેન્સી નંબર પ્લેટ' ધરાવતા ટુ વહીલર અને ફોર વહીલરને અટકાવવામાં આવ્યા હતા. નંબર પ્લેટ ન હોય તેવા વાહનોને તાત્કાલિક ડિટેઈન કરીને પોલીસ સ્ટેશન ભેગા કરી દેવાયા હતા. ઉપરાંત સ્થળ પર જ ઈ-મેમો અને રોકડ દંડ વસૂલવામાં આવ્યો હતો.

શહેર પોલીસે ગઈકાલે યોજેલ ડ્રાયમાં અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગ પણ હાથ ધર્યું હતું જેમાં છરીઓ સાથે ફરતા લુખ્ખાઓને પણ પકડી પાડ્યા હતા જેમાં ગઢકાના રાહુલ વીરમ મુંધવા, હરીપર પાળનો પ્રકાશ રમેશ ચાવડા, આંબેડકરનગર શેરી નંબર ૪ નો પાર્થ પંકજ ભોજાણી, જ્યારે વિજય મનસુખ સોલંકી અને આનંદનગરનો અફાન જાહિદ પરમારનો સમાવેશ થાય છે.તે ઉપરાંત નશાની હાલતમાં વાહન ચલાવી નીકળેલા ૧૨ શખ્સોને પણ અલગ અલગ વિસ્તાતમાંથી પોલીસે પકડી કાર્યવાહી કરી હતી.

# એ.આઈ. ક્યારેય માનવ સંશોધકનું સ્થાન લઈ શકે નહીં: ડો. વૈભવ ગાંધી

## સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા સંશોધનમાં એ.આઈ. ટુલ્સના ઉપયોગ અંગે વ્યાખ્યાન યોજાયું

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવન અને વિજ્ઞાન ભારતી (ગુજરાત પ્રાંત) ના સંયુક્ત ઉપક્રમે આયોજિત ૧૫-દિવસીય રાષ્ટ્રીય વ્યાખ્યાન શ્રેણી 'વિજ્ઞાન યાત્રા ૩.૦ (વિકસિત ભારત તરફ)' અંતર્ગત ઓનલાઈન ટેકનિકલ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં દેશભરના વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેશનના મુખ્ય વક્તા તરીકેપારૂલ યુનિવર્સિટિ વડોદરાનાં ડો. વૈભવ ગાંધીએ "ફ્રોમ આઈડિયા ટુ ઈમ્પેક્ટ: AI દ્વારા સંશોધકોનું સશક્તિકરણ" વિષય પર વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની ક્ષમતાઓને નકારી શકાય તેમ નથી. AI ક્યારેય માનવ સંશોધકનું સ્થાન લઈ શકે નહી, પરંતુ તે સંશોધકની કાર્યક્ષમતા અને સંશોધનની ગુણવત્તા વધારવામાં એક શક્તિશાળી 'ફોર્સ મલ્ટિપ્લાયર' તરીકે કામ કરે છે.



તેમણે સંશોધનના વિવિધ તબક્કાઓ જેવા કે સાહિત્ય સમીક્ષા, રિસર્ચ ગેપ તારવવા, ડેટા પેટર્ન વિશ્લેષણ અને પેપર ઈન્ટરોગેશન માટે આધુનિક AI ટૂલ્સના ઉપયોગ કરીને બતાવ્યો હતો. તેમણે યોગ્ય 'પ્રોમ્પ્ટ રાઈટિંગ'ની તકનીકો પણ સમજાવી હતી. તેઓએ જણાવ્યું હતું કેએઆઇ દ્વારા મળેલા પરિણામો અને સાઈટેશન્સ પર આંધળો વિશ્વાસ ન મૂકતાં, માનવ બુદ્ધિમત્તા અને મૂળ સ્ત્રોત દ્વારા તેનું ચકાસણ કરવું અત્યંત અનિવાર્ય છે.

સાહિત્ય શોધમાં વિષય સંબંધિત સેંકડો રિસર્ચ પેપર્સમાંથી ચોક્કસ તારણો અને સરખામણી ઝડપથી મેળવવા ઝ્હજીહજેજ અને WÞÞk Deep Research ટૂલ્સ અત્યંત ઉપયોગી છે. તેમણે વધુમાં નૈતિકતા અને જવાબદારી વાત કરતાં કહ્યું હતું કે સંશોધનમાં નૈતિક મૂલ્યો જાળવવાની જવાબદારી હંમેશા માનવ સંશોધકની પોતાની રહે છે.

યુનિ. ભૌતિકશાસ્ત્ર ભવનના વડા પ્રો. નિકેશ શાહ અને કન્વીનર ડો. પી. એસ. સોલંકીના માર્ગદર્શન હેઠળ આ વ્યાખ્યાન સંપન્ન થયું હતું.

# ફુલબજાર સહિતના સ્થળેથી ૪૭૯૩ કિલો ફુલ-શાકભાજી જપ્ત

## અલગ અલગ રસ્તાપરથી ૧૨૫ રેંકડી-કેબીન ઉપાડી લેવાયા : વધુ ૨૨૪૫ બોર્ડ-બેનર કબ્જે લેતી દબાણ હટાવ શાખા

રાજકોટ:મનપાની દબાણ હટાવ શાખા દ્વારા પખવાડીયામાં અલગ અલગ વિસ્તારમાંથી સવાસો જેટલા રેંકડી-કેબીન જપ્ત કરી ૨૨૪૫ બોર્ડ-બેનર જપ્ત કરવામાં આવ્યા છે. પારેવડી ચોકની ફુલ બજારમાંથી પણ દબાણો ભરવામાં આવ્યા હતા.

શહેરના સાધુ વાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર, ધરાર માર્કેટ, સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈનરોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૧૨૫ રેકડી, કેબીન જપ્ત કરવામાં આવી હતી. તો જુદી-જુદી અન્ય ૫૭૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ છે.

મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, સાધુ વાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ, કોઠારીયા રોડ રણુજા મંદિર પાસેથી ૪૭૯૩ કિલો શાકભાજી, ફળ, ફુલ જપ્ત કરવામાં આવ્યા હતા. સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ, સોરઠીયાવાડી, કોઠારીયા રોડ,



સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ પાસે થી રૂ.૭૮,૧૫૦ મંડપ કમાન છાજલી ભાડુ અને રૂ.૫,૯૯,૬૩૫ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ઢેબર રોડ, રેસકોર્ષ રિંગ રોડ, જામનગર રોડ, બંજરવાડી સર્કલ પાસે, મહીલા અંડરબ્રિજ, કાલાવડ રોડ, મવડી મેઈન રોડ, ગોંડલ ચોકડી, પુનીત નગરનાં ટાંકા , સેટેલાઈટ ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ, પેડક રોડ,ભાવનગર રોડ, ચુનારાવાડ મેઈન રોડ, ૮૦ ફુટ રોડ, કોઠારીયા સોલવન્ટ પરથી ૨૨૪૫ બોર્ડ-બેનર જપ્ત કરવામાં આવ્યા હતા.

# ૨૬મી ઓક્ટોબરથી ગોવાની સીધી ફ્લાઈટ ઉડશે




રાજકોટ: આગામી ૨૬મી ઓક્ટોબરથી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં વિન્ટર શિડ્યુલ અમલી થતાં ઈન્ડિગો એર લાઈન્સે વિન્ટર શિડ્યુલ જાહેર કર્યો છે. જેમાં ડેઈલી ૧૦ ફ્લાઈટ અને સપ્તાહમાં ૪ દિવસ ત્રણ ફ્લાઈટ મળી કુલ ૧૩ ફ્લાઈટનો શિડ્યુલ જાહેર કર્યો છે.

વિન્ટર શિડ્યુલની વિગત જોતા ડેઈલી ફ્લાઈટ સવારે ૭-૫૫ રાજકોટ-દિલ્હી, સવારે ૯-૦૦ કલાકે મુંબઈ, ૮-૫૦ કલાકે નવી મુંબઈ, બપોરે ૧-૦૦ કલાકે દિલ્હી, ૧૨-૫૫ કલાકે મુંબઈ, ૧૭-૫૫ કલાકે બેંગ્લોર, ૧૯-૦૦ કલાકે મુંબઈ, ૧૯-૩૫ કલાકે નવી મુંબઈ, રાત્રે ૮-૦૦ કલાકે દિલ્હી અને ૧૬મી ડિસેમ્બરે રાત્રે ૧૦-૦૫ કલાકે દિલ્હી ઉપરાંત સપ્તાહમાં મંગળ, બુધ, ગુરુ, રવિવારે સવારે ૮-૦૫ કલાકે હૈદરાબાદ, મંગળ, બુધ, ગુરુ રવિવારે બપોરે ૧૩-૪૦ કલાકે પુના અને સોમ, મંગળ, ગુરુ, શનિવારે ૧૮-૪૫ કલાકે ગોવાની ફ્લાઈટ ઉડાન ભરશે.

# ઝબલા સહિતના પ્લાસ્ટિક વેંચતા દુકાનદારો પર દરોડા

## બજારમાંથી વધુ ૫૪ કિલો માલ જપ્ત : ગંદકી કરનારા સહિતના લોકોને રૂા.૧.૭૮ લાખનો દંડ



રાજકોટ:મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરને 'પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ' બનાવવા માટે ચાલી રહેલી ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવી છે. બે દિવસથી ઝબલા જપ્ત કરવા સહિતની કાર્યવાહીમાં વધુ ૫૪ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. માત્ર ઝબલાનો ઉપયોગ કરનારા નહીં પરંતુ અઠવાડિયાથી પ્લાસ્ટિક સામગ્રીનું વેંચાણ કરતા દુકાનદારો અને એજન્સીઓમાં પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

તા.૩ થી ૫ દરમ્યાન ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ તથા વેચાણ અને ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૪.૨ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા કુલ ૨૬૩ આસામીઓ પાસેથી રૂ ૧,૭૮,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

કમિશનરની સૂચનાથી વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. લોકો અને વેપારીઓ શાકભાજી કે અન્ય ખરીદી માટે કાપડની થેલીઓનો જ આગ્રહ રાખે અને ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી અને જપ્તીની કામગીરી ચાલુ રહેશે તેમ વિભાગે જણાવ્યું છે. વધુમાં આ કામગીરી સામે ધંધાર્થીઓએ રજુઆત પણ કરી હતી. પરંતુ પર્યાવરણના હિતમાં અને કાયદાના પાલન માટે આ કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે તેમ અધિકારીઓએ કહ્યું હતું.

# સાંઢિયા પુલ પાસેથી ચોરાઉ બાઈક સાથે પરપ્રાંતીય તસ્કર ઝડપાયો



રાજકોટ:જામનગર રોડ પર સાંઢિયા પુલ પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ચોરાઉ બાઈક સાથે રાવકીમાં રહેતા શખ્સને ઝડપી લીધો હતો. દોઢેક મહિના આર.કે. વર્લ્ડ ટાવરના પાર્કિંગમાંથી વાહન ઉઠાવી ગયાની તસ્કરે કબૂલાત આપી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શહેરી વિસ્તારમાં મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તેમજ અગાઉ થયેલ વાહનચોરી, ઘરફોડ ચોરી, લૂંટ સહિત ગુનાઓનો ભેદ ઉકેલવાની આપેલ સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એસ એમ રાણાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ કુંચાલાને મળેલી ચોક્કસ હકીકતના આધારે જામનગર રોડ પર સાંઢીયા પુલ પાસેથી સોનુ શિવકુમાર યાદવ (ઉ.વ ૨૧ હાલ રહે. રાવકી ગામ, રાજકોટ. મૂળ રહે. સરસ્વતી,ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી ચોરાઉ બાઈક કબજે કરવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગર સ્ટેશન પર બ્લોકના કારણે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત થશે

રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળના સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજના ચોથા સ્પાનના ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે ૭ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ત્રણ દિવસ દરમિયાન દરરોજ ૩ કલાકનો ટ્રાફિક બ્લોક અને પાવર બ્લોક લેવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના ના જણાવ્યા અનુસાર, આ બ્લોકના કારણે પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનો:

૧) ૦૭.૧૦.૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૧૬૩૩૪ તિરુવનંતપુરમ સેન્ટ્રલ—વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે ૨ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.

૨) ૦૭.૧૦.૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૧૯૩૨૦ ઈન્દોર—વેરાવળ મહામના એક્સપ્રેસને માર્ગમાં આશરે ૧ કલાક ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૩) ૦૭.૧૦.૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર—વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે ૧ કલાક ૦૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૪) ૦૮.૧૦.૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર—વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે ૧ કલાક ૪૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

રીશેડ્યુલ થનારી ટ્રેનો:

૧) ૦૯.૧૦.૨૦૨૬ ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ—વેરાવળ ઈન્ટરસિટી, ગાંધીનગર કેપિટલ થી તેના નિર્ધારિત સમય કરતાં ૨ કલાક મોડી રવાના થશે.

૨) ૦૯.૧૦.૨૦૨૬ ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ—ગાંધીનગર કેપિટલ,વેરાવળ થી તેના નિર્ધારિત સમય કરતાં ૨ કલાક મોડી રવાના થશે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## દરિયાઈ માર્ગો હવે સુરક્ષિત નથી

સમુદ્ર શાંત દેખાય છે પણ તેની છાતી પર આજે અશાંતિના વાદળો ઘેરાયેલા છે. કાળા સમુદ્રમાં વાણિજ્યિક જહાજ એમવી રોયાદ મામાડોવ પર થયેલો હુમલો માત્ર એક જહાજ પરનો હુમલો નથી, તે વૈશ્વિક વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવતાની સલામતી પરનો સીધો પ્રહાર છે. આ હુમલામાં બે વિદેશી નાવિકોના મૃત્યુ થયા છે અને ત્રણ ભારતીય ક્રૂ સભ્યો માંડ માંડ બચી ગયા છે, જેમાંથી એક ઘાયલ છે અને રોમાનિયાની કોન્સ્ટેન્ટા કાઉન્ટી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રોમાનિયામાં ભારતીય દૂતાવાસ અને ભારતીય રાજદૂત મનોજ મહાપાત્રા સતત હોસ્પિટલના સંપર્કમાં છે અને ત્રણેય ભારતીયો સુરક્ષિત છે તેવી પુષ્ટિ આપી છે. આ ઘટના રાહતનો વિષય છે કે આપણા નાગરિકો બચી ગયા, પરંતુ ચિંતાનો વિષય એ છે કે સમુદ્ર હવે સુરક્ષિત રહ્યો નથી.એક સમય હતો જ્યારે દરિયાઈ ચાંચિયાગીરીને ભૂતકાળની વાત માનવામાં આવતી હતી, પરંતુ આજે તે નવા સ્વરૂપે, નવી ટેક્નોલોજી અને નવા ભૂરાજકીય હેતુઓ સાથે પાછી ફરી છે. કાળો સમુદ્ર, લાલ સમુદ્ર અને પર્શિયન ગલ્ફ આજે વેપારના ધોરી માર્ગો નથી, પરંતુ સંઘર્ષના ક્ષેત્રો બની ગયા છે. રશિયા યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી કાળા સમુદ્રમાં વાણિજ્યિક જહાજોની અવરજવર સતત જોખમમાં છે. અનાજ, તેલ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ લઈ જતા જહાજોને નિશાન બનાવવાથી માત્ર બે દેશો વચ્ચેનો સંઘર્ષ મર્યાદિત રહેતો નથી, તેની સીધી અસર આફ્રિકા અને એશિયાના ગરીબ દેશોની થાળી સુધી પહોંચે છે. લાલ સમુદ્રમાં હુથી વિદ્રોહીઓ દ્વારા થતા હુમલાઓએ પહેલેથી જ સુએઝ નહેરના વેપારને ખોરવી નાખ્યો છે અને હવે કાળા સમુદ્રની ઘટના તે આગમાં ઘી હોમવા જેવી છે.ભારત માટે આ મુદ્દો વધુ સંવેદનશીલ છે. વિશ્વના કુલ નાવિકોમાંથી લગભગ દસ ટકા નાવિકો ભારતીય છે. આપણા યુવાનો આજીવિકા માટે સાત સમંદર પાર જાય છે અને જો તેમના જ જીવની સલામતી ન હોય તો તે ગંભીર બાબત છે. ગયા મહિને જ ઓમાનના દરિયાકાંઠે ભારતીય જહાજ એમટી એલ ગૈયા પર થયેલા હુમલામાં ચૌદ ભારતીય ક્રૂમાંથી તેરને બચાવી લેવાયા હતા અને એક ગુમ થયો હતો. આ ઘટનાઓનો સિલસિલો સ્પષ્ટ સંકેત આપે છે કે ભારતીય નાવિકો સતત નિશાના પર છે. તેથી જ વિદેશ મંત્રી એસ જયશંકરે એક્યાસીમી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આ મુદ્દાને અત્યંત સચોટ રીતે ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે દરિયાઈ ક્ષેત્રના નવા પડકારોએ જમીન પરના પડકારોને વધારી દીધા છે અને ખાડીથી લાલ સમુદ્ર સુધી અને કાળા સમુદ્ર સુધી વાણિજ્યિક શિપિંગ પર હુમલા સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેમનું આ નિવેદન માત્ર રાજદ્વારી વિરોધ નથી, તે દરિયામાં કામ કરતા દરેક મજૂરના પરિવારનો અવાજ છે.આંતરરાષ્ટ્રીય સમુદાયે હવે સમજવું પડશે કે સમુદ્ર કોઈ એક દેશની જાગીર નથી. યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી સ્પષ્ટ કહે છે કે ખુલ્લા સમુદ્રમાં નેવિગેશનની સ્વતંત્રતા દરેકને છે. વાણિજ્યિક જહાજો પર હુમલો કરવો એ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે અને તેને યુદ્ધ અપરાધની શ્રેણીમાં જોવો જોઈએ. ભારત લાઇબેરિયા અને તેવીસ અન્ય ભાગીદાર દેશો સાથે મળીને વાણિજ્યિક શિપિંગ રૂટના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધનમાં જોડાયું છે તે આવકાર્ય પગલું છે, પરંતુ માત્ર ગઠબંધન બનાવવાથી કામ નહીં ચાલે. તેના માટે સંયુક્ત પેટ્રોલિંગ, ગુપ્ત માહિતીની આપ લે, જહાજોને સશસ્ત્ર સુરક્ષા અને હુમલાખોરો પર કડક આર્થિક અને રાજદ્વારી પ્રતિબંધો જરૂરી છે.

## સોનેરી સાંજે પાંગરતી પ્રાકૃતિક પાઠશાળા



**ક્લિક કોર્નર**
-જયદીપ એન. ઠાકર

સાંજના સોનેરી અજવાળામાં જ્યારે આકાશે કેસરિયા રંગની ચાદર ઓઢી છે, ત્યારે ધરતી પરનું આ વિશાળ મેદાન જાણે કુદરતની ખુલ્લી પાઠશાળા બની ગયું છે. ભાવનગર નજીકના તરસમિયા પાસે દૂર ક્ષિતિજ પર વસાહતની ધૂંધળી રેખાઓ અને ઉપર વાદળોની રંગબેરંગી રચનાઓ તથા નિરાંતે ચરતાં ઘેટાં-બકરાં પ્રકૃતિનો નિષ્કપટ લય દર્શાવે છે. પોતાના હાથોથી નાનકડા ઘેટાંને પ્રેમથી સહેલાવતો આ બાળક અને તેના નિર્દોષ બાળપણ માટે જાણે પ્રકૃતિની પાઠશાળા બની રહે છે. તેમાં પ્રકૃતિનો આત્મીય સંબંધ પણ દર્શિત થાય છે.

## કૃમિરોગ અને સારવાર

આજે આપણે એક એવા વિષય ઉપર ચર્ચા કરવા જઈ રહ્યા છે, કે જેનો અનુભવ મોટા ભાગે દરેક માતાએ પોતાનાં બાળકની બાલ્યાવસ્થા વખતે કર્યો જ હશે. આ રોગનું નામ છે, 'કૃમિરોગ'.

બાળપણમાં મોટાભાગનાં બાળકો કોઈને કોઈ વાર આ સમસ્યાનો સામનો કરી ચૂક્યા હોય છે.પરંતુ દરેક માતા-પિતા ઈચ્છે છે કે, તેમનું બાળક સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત રહે, એ માટે બાળકોને થતા રોગોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળતો 'કૃમિ રોગ' વિશે જાણકારી હોવી ખૂબ જરૂરી છે.

અાુંસિજ એટલે કે, કૃમિઓ ઘણાં બધાં પ્રકારનાં જોવા મળે છે. જેમકે, (૧) ગોળ, (૨) લાંબા, (૩) પાતળા દોરા જેવા, (૪) ચપટી પટ્ટી જેવા, (૫) સૂક્ષ્મ હૂક જેવા.

જેમાંથી અમુક પ્રકારનાં કૃમિઓ નરી આંખે જોઈ શકાતાં નથી પરંતુ આ કૃમિઓ સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી અવશ્ય જોઈ શકાય છે. કૃમિરોગની યોગ્ય સારવાર ના કરવામાં આવે તો તે બાળકની પાચનક્રિયા પર વિપરીત અસર પાડે છે.

કૃમિરોગનાં કારણોની વાત કરીએ તો :-

(૧) બાળકોને ગળપણવાળા પદાર્થો, ખાંડ, ગોળ, મેંદો વગેરે બંધ કરીને કૃમિઘ્ન ઔષધોનું સેવન શરૂ કરાવવું જોઈએ.

(૨) અજમાનું ચૂર્ણ વાટીને સવાર-સાંજ આપવું જોઈએ.

(૩) વિડંગારીષ્ટ ૧-૧ ચમચી સવાર-સાંજ આપી શકાય છે.

(૩) કૃમિમુદ્ગર રસ, કૃમિકલ્યાણરસ કે નિમ્બાષ્ટક ચૂર્ણમાંથી કોઈ પણ એક યોગનું ચિકિત્સકની સલાહ મુજબ સેવન કરવું જોઈએ.

જરૂર લાગે તો સ્ટુલનો રીપોર્ટ પણ કરાવવો જોઈએ.

આહારની બાબતમાં પણ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ઉકાળેલું અને ગાળેલું પાણી જ પીવું, શાકભાજી, ફળફળાદિ ધોઈને જ આપવા જોઈએ. આ ઉપરાંત બાળકોને ગંદકીમાં રમવા દેવા જોઈએ નહી. સંડાસ-બાથરૂમમાં જઈને આવ્યા બાદ હાથ-પગ સાબુથી બરાબર ધોઈ નાંખવા જોઈએ. જમવા બેસતાં પહેલાં પણ હાથ-પગ ધોઈને જમવા બેસવું જોઈએ. કૃમિ રોગમાં દૂધ, દહી, ઘી, પાંદડાવાળા શાક, ખટાશ, માંસ, ચોકલેટ, આઈસક્રીમ, બ્રેડ, પીઝા, બર્ગર આ બધી જ વસ્તુથી પરેજ રાખવો જરૂરી છે. આટલી સાવધાની આપના બાળકને કૃમિરોગથી જોજનો દૂર રાખે છે.જેમા મુખ્યત્વે મીઠી ચીજ, ગળપણનું વધુ પડતું સેવન, દૂષિત વાસી શાકભાજી ખાવા, મેંદાની આઈટમો વધારે ખાવી, માટીમાં રમવું, કેક, આઈસક્રીમ, ચોકલેટ વગેરેનું અત્યાધિક સેવન ગોળનાં તથા ખાંડના પદાર્થો અત્યધિક ખાવા, તથા બાળકની હાથ-પગ ધોયા વિના જ માટીવાળા હાથે જમવા બેસી જવાની રીત પણ કૃમિરોગ ઉત્પન્ન કરે છે.

# અન્યની દ્રષ્ટિએ વિચારીએ તો અડધું જગત શાંત થઈ જાય

**વિશેષ**

ડેલ કાર્નેગી એ એક વિશ્વપ્રસિદ્ધ અમેરિકન લેખક, વક્તા અને વ્યક્તિત્વ વિકાસ અને વાસ્તવિક લોકવ્યવહારના પાયાના પ્રણેતા હતા.

૨૦ નવેમ્બર, ૧૮૮૮ - મિઝોરી - અમેરિકામાં એમનો જન્મ થયો હતો. તેમનો જન્મ એક ગરીબ ખેડૂત પરિવારમાં થયો હતો. બાલ્યાવસ્થામાં તે ગાયો દોહવાનું અને ખેતરમાં ગાય-ભેંસોને ચરાવવાનું કામ કરતા. જીવનસંઘર્ષ કરીને પણ કોલેજનું શિક્ષણ મેળવ્યું. બાદમાં ન્યૂયોર્કમાં તેમણે જાહેરમાં ભાષણ આપવાની કળા'' શીખવવાના વર્ગો શરૂ કર્યા. કાર્નેગી એમ માનતા કે, પુસ્તકિયા જ્ઞાન કરતાં વાસ્તવિક અનુભવો અને માનવસંવેદના આધારિત જ્ઞાન વિદ્યાર્થીઓને શીખવવાની પદ્ધતિ અસરકારક હોય છે. 'ચિંતા છોડો, સુખેથી જીવો.'. 'પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વ્યક્તિવિકાસ' ઉપરાંત તેનું ૧૯૩૬નું બેસ્ટ સેલર પુસ્તક 'હાઉ ટુ વીન ફ્રેન્ડ એન્ડ ઈન્ફ્લ્યુઅન્સ પીપલ' હતું. પ્રતિભાવંત વ્યક્તિઓનાં જીવનચરિત્રોના અભ્યાસમાં એમને વિશેષ રસ હતો. એ વિશ્વના મહાપુરુષોનાં ચરિત્રોના અભ્યાસ કરી અને તેમના જીવનનો વિશેષ ગુણોને ઉજાગર કરતા.

એકવાર એક સભામાં તેમને લિંકન પર પ્રવચન આપવા જવાનું થયું. લિંકનના જીવનના વણસ્પર્શ્યા પાસાંનો પોતાના વક્તવ્યમાં ખૂબ જ ખૂબીથી અને સિફતથી ઉલ્લેખ કરી અને ગમતાનો ગુલાલ કરવાનું એક સુંદર કાર્ય કર્યું. ડેલ કાર્નેગીએ લિંકનના એક પત્રની વાત કરતાં તેમણે પત્રની તારીખમાં ભૂલ કરી. શ્રોતાઓમાં એક મહિલા પણ હતી જેને આ પત્રની સાચી તારીખની જાણ હતી. કાર્નેગી પર થોડા દિવસ પછી આ મહિલાનો પત્ર આવ્યો. તેમણે પત્રની ખોટી તારીખ પ્રવચનમાં બોલ્યા તે ભૂલની કડક આલોચના કરી અને ટીકામાં સાથે જણાવ્યું કે, 'આવા મહાપુરુષના જીવન વિશે પ્રવચન આપવાનું હોય ત્યારે પૂર્ણ તૈયારી કરવી જોઈએ. તારીખ વગેરે આંકડાઓ વક્તવ્યમાં પ્રસ્તુત કરવાના હોય તો તેની ઓથેન્ટિસિટી (યથાર્થતા)ની પૂરી ચકાસણી કરી લેવી જોઈતી હતી, તે બાબતમાં વક્તા તરીકે આપે ભૂલ કરી છે' એવું જણાવ્યું હતું. સાથે સાથે પત્રની વિગતો દ્વારા એ પણ જણાઈ આવતું હતું કે, તેમણે લિંકનના જીવનચરિત્ર અને પ્રસંગોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હશે. કાર્નેગીએ પત્રમાંની ટીકા અને કડક અલોચના ને શબ્દો જોતાં લાગ્યું કે, 'આમાં તો મને એક નિષ્ફળ વક્તા તરીકે ચિતરવાનો પ્રયત્ન થયો છે.' જેણે કેટલાય ઉચ્ચ કોટિના પ્રોફેશનલ સ્પીકરને પોતાની વક્તૃત્વ કલા દ્વારા ટ્રેઈનિંગ આપેલી, એ સમયમાં ઉચ્ચ કોટીના વક્તાઓમાં તેમનું નામ માનથી લેવામાં આવતું જેથી તેમનું અભિમાન ઘવાયું. પત્રમાં પોતાની કડક ટીકા વાંચી અને પત્રલેખિકા મહિલા તેમને ઘમંડી, અવિવેકી લાગી અને પત્રની ભાષા વાહિયાત અને અણગમતી લાગી. ખૂબ જ કડક ભાષામાં મહિલાને તેમણે ભાંડી. તેમણે લખ્યું કે, 'તમારી પાસે સારા શબ્દોનો ભંડોળ જ નથી, કારણ તમે અભદ્ર છો. તમારા પત્રની વિચિત્રતા જોતાં તમે તમારા જીવનની શાલિનતાના સંસ્કારોથી વંચિત રહ્યાં છો.' આમ પત્રમાં તેમણે મહિલાના સંસ્કાર વિશે પણ અણગમતી ટીકા કરી. વિચારી વિચારીને લાંબો પત્ર લખ્યો. રાત પડી ગઈ. નોકર ઘરે ચાલ્યો ગયો એટલે વિચાર્યું કે, હવે કાલે સવારે પત્ર પોસ્ટ થઈ શકશે. કવર પેક કરતાં પહેલાં પત્ર હાથમાં લઈ ધીરે ધીરે વાંચ્યો તો તેમને લાગ્યું કે, 'મેં બહુ જ કડક ભાષામાં પત્ર લખ્યો છે. ભદ્રતા અને સંસ્કારની વાત લખવાવાળો હું આવી ભાષા કઈ રીતે વાપરી શકું ?' વિચાર્યું કે, 'કાલે ફરીથી પત્ર લખીશ.'

બીજે દિવસે ફરીથી પત્ર લખવા બેઠા. પછી વિચાર્યું કે, 'આજે પોસ્ટ નથી કરવો. હજી એકવાર વિચાર કરું, વાંચું પછી પોસ્ટ કરીશ.' બીજે દિવસે પત્ર વાંચ્યો. તેમને લાગ્યું કે, 'મહિલાની તારીખ માટેની ટીકા બરાબર હતી. વળી એવું લાગતું'તું કે તે લિંકનની ચાહક હશે, માટે ત્રીજી વાર પત્રની ભાષા બદલી અને પોષ્ટ કરવાનું ચોથા દિવસ પર મુલત્વી રાખ્યું; એમ સાત વાર પત્ર બદલ્યો. છેલ્લા સાતમી વારના પત્રમાં તો મહિલાને બિરદાવી અને તેમની લિંકનના જીવનનાં અભ્યાસને લિંકમ પ્રત્યેની ભક્તિરૂપે નવાજી અને લખ્યું કે, 'તમે આ તરફ આવો ત્યારે મારા ઘરે જરૂર મળવા આવજો. તમારી સાથે ચર્ચા કરવાનું ગમશે તેવું ભાવપૂર્વકનું આમંત્રણ પણ આપ્યું. છ મહિના પછી એ ઘરે મળવા આવી ત્યારે તેને થોડા દિવસ ભાવપૂર્વક રોકાવાનો આગ્રહ કરી રોકી. ત્રણેક મહિનામાં એ મહિલા બે-ત્રણ વાર તેમને ઘરે રોકાઈ. બન્નેની વૈચારિક એકતાના અનુસંધાને પરિચય પરિણયમાં પરિણમ્યો. આમ, બન્ને લગ્નગ્રંથિથી જોડાયાં. પત્રની બદલાયેલી ભાષાનું પરિણામ છે. કોઈની ટીકા કરવી કે કોઈ પર ગુસ્સો કરતાં પહેલાં થોડું થોભી જવું. લખાણને પુનઃ પુનઃ વાંચવું, વિચારવું અને ધીરજપૂર્વક વિચારણા બાદ ફાઈનલ કરવું. ક્રોધ કે ગુસ્સો આવે ત્યારે અટકવું. આવેશમાં લીધેલ નિર્ણયો કે બોલેલાં વચનો હંમેશ નુકશાનકારક બને છે. ગુસ્સા કે આવેશમાં અન્યને લખાણ કરી તેને પહોંચાડવાનું મુલતવી રાખવું. કોઈ પર ગુસ્સો ન કરવો, આવેલ ક્રોધમાં કટુવચનો કહેતાં પહેલાં થોડું થોભી જવું. થોડા ઉંડા શ્વાસ લેવા, થોડી ક્ષણો ઈષ્ટદેવનું સ્મરણ કરવું. આમ વિલંબ કરવો. આ વિલંબનું પરિણામ સુખદાયક હશે. ભગવાન મહાવીરના અનેકાંતવાદનું કથન છે 'એ પણ સાચો હોઈ શકે'. માત્ર પોતાની દ્રષ્ટિ છોડી અન્યની દ્રષ્ટિથી વિચારીએ તો અડધું જગત શાંત થઈ જાય.

# મધ્ય પૂર્વની સત્તા માટે સાઉદી અને ઈરાનની ટક્કર

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

ઈરાન અને અમેરિકા વચ્ચે શરૂ થયેલું ઘર્ષણ હવે કેવી રીતે સાઉદી અરેબિયા વિરુદ્ધ હુથી બળવાખોરોના મોરચામાં ફેરવાઈ રહ્યું છે તે સમજવા માટે આપણે સમગ્ર ઘટનાક્રમને એક સળંગ કડી તરીકે જોવો પડશે. આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત હવાઈ હુમલાએ સમગ્ર મધ્ય પૂર્વને અસ્થિર કરી દીધું હતું. આ હુમલો માત્ર એક લશ્કરી કાર્યવાહી નહોતો, તે એક સંદેશ હતો જેણે દાયકાઓથી ચાલી આવતી દુશ્મનાવટને ખુલ્લા યુદ્ધના ઉંબરે લાવી દીધી હતી. તે પછીની સ્થિતિ વધુ ગંભીર

## સુએઝ નહેરથી હિંદ મહાસાગર સુધી વેપાર ઠપ થવાની ભીતિ, હુથી બળવાખોરોની વ્યૂહરચના

બની જ્યારે ઈરાને બદલાની કાર્યવાહી તરીકે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક એવા હોર્મુઝની ખાડીને બંધ કરવાનો નિર્ણય લીધો. શાંતિકાળમાં આ સાંકડી જળસંધીમાંથી વિશ્વના લગભગ વીસ ટકા ઈંધણ પસાર થાય છે, અને તેને બંધ કરવાથી વૈશ્વિક અર્થતંત્ર પર સીધી અસર પડી છે. તેલના ભાવમાં થયેલો વધારો, શિપિંગ વીમા ખર્ચમાં થયેલો અસાધારણ ઉછાળો અને ઉર્જા સુરક્ષાને લઈને ઉભી થયેલી ચિંતાએ બતાવી દીધું કે આ યુદ્ધ હવે માત્ર બે દેશો પૂરતું સીમિત નથી રહ્યું.

આ સંઘર્ષની બીજી અને વધુ ખતરનાક કડી ત્યારે ખુલી જ્યારે ધ્યાન બાબ અલ-મંડેબની ખાડી તરફ ગયું. આ ખાડી હિંદ મહાસાગરને લાલ સમુદ્ર સાથે અને ત્યાંથી સુએઝ નહેર મારફતે ભૂમધ્ય સમુદ્ર સાથે જોડે છે. જો હોર્મુઝ ખાડી વિશ્વની ઉર્જા ધમની છે તો બાબ અલ-મંડેબ વૈશ્વિક વેપારની ધમની છે. છેલ્લા કેટલાક મહિનાઓથી યમનના હુથી બળવાખોરોએ આ વિસ્તારમાં પોતાની પકડ અત્યંત મજબૂત કરી દીધી છે અને આ જ કારણ છે કે ઈરાનમાં શરૂ થયેલું યુદ્ધ હવે હજારો કિલોમીટર દૂર યમન અને સાઉદી અરેબિયાની સરહદો સુધી પહોંચી ગયું છે. આ ફેલાવો આકસ્મિક નથી, તે એક વિચારપૂર્વકની વ્યૂહરચનાનો ભાગ છે.

આ સમગ્ર નવા તણાવનું તાત્કાલિક કારણ ૩ જુલાઈની ઘટના બની હતી. યમનની રાજધાની સનાના એરપોર્ટ પર ઈરાનથી આવી રહેલા એક વિમાનને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં હુથી પ્રતિનિધિમંડળ સવાર હતું. આ કાર્યવાહી યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત અને સાઉદી સમર્થિત સરકારે કરી હતી. તે સરકારનું કહેવું હતું કે આ ઉડાન તેની સાર્વભૌમત્વનું સીધું ઉલ્લંઘન છે અને આવી ફ્લાઈટ્સ દ્વારા ઈરાન સતત હુથીઓને હથિયારો અને લશ્કરી સહાય પહોંચાડે છે. આ આરોપ નવો નથી, યમન સરકાર લાંબા સમયથી આ વાત કહી રહી છે, પરંતુ એરપોર્ટ પર સીધો હુમલો કરવો એ એક મોટું પગલું હતું. હુથી બળવાખોરો માટે આ હુમલો તેમના અસ્તિત્વ અને સન્માન પરનો હુમલો હતો અને તેમણે તેનો જવાબ અત્યંત ઉગ્ર રીતે આપ્યો.

હુમલા બાદ હુથી પ્રવક્તા યાહ્યા સારીએ જે નિવેદન આપ્યું તેણે પરિસ્થિતિને સંપૂર્ણપણે બદલી નાખી. તેમણે 'આંખના બદલામાં આંખ' ની જાહેરાત કરી અને સ્પષ્ટ કહ્યું કે યમનમાં તણાવ ઘટાડવાનો જે તબક્કો ચાલી રહ્યો હતો તે હવે સમાપ્ત થઈ ગયો છે. આ માત્ર શબ્દો નહોતા, તે યુદ્ધની નવી નીતિની ઘોષણા હતી. હુથીઓએ જાહેર કર્યું કે જેમ તેમના વિમાનોને રોકવામાં આવ્યા અને નિશાન બનાવવામાં આવ્યા, તેમ હવે તેઓ સાઉદી અરેબિયાના માર્ગોને રોકશે. આ રોક માત્ર જમીન પૂરતી સીમિત નહી હોય, તેઓ સમુદ્રથી લઈને આકાશ સુધી સાઉદી હિતોને નિશાન બનાવશે. આ ધમકીને તરત જ અમલમાં મૂકવામાં આવી.

પરિણામ સ્વરૂપે હુથીઓએ યમનની અંદર જમીન પરનું યુદ્ધ વધુ તીવ્ર બનાવ્યું અને સાઉદી અરેબિયાના જહાજો તેમજ સરહદ નજીકના શહેરો પર હુમલાઓ શરૂ કર્યા. આ લડાઈમાં તેમને નોંધપાત્ર વ્યૂહાત્મક સફળતા પણ મળી છે. તેમણે યમનની સરકાર પાસેથી મોખા બંદર શહેર પર કબજો મેળવી લીધો છે. મોખા એ માત્ર એક બંદર નથી, તે લાલ સમુદ્રના પ્રવેશદ્વાર પર આવેલું એક ઐતિહાસિક અને વ્યૂહાત્મક કેન્દ્ર છે. આ ઉપરાંત હુથીઓએ બાબ અલ-મંડેબ ખાડીમાં આવેલા અનેક નાના ટાપુઓ પર પણ નિયંત્રણ સ્થાપિત કર્યું છે, જેમાં સૌથી મહત્વપૂર્ણ મયૂન ટાપુ છે, જેને પેરીમ ટાપુ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ટાપુ પર કબજો મેળવવાનો અર્થ એ છે કે બાબ અલ-મંડેબની સમગ્ર અવરજવર પર નજર રાખી શકાય છે અને જરૂર પડે તો તેને અવરોધી પણ શકાય છે. જો હોર્મુઝ અને બાબ અલ-મંડેબ બંને એક સાથે પ્રભાવિત થાય તો વિશ્વનો ઉર્જા અને વેપાર પ્રવાહ બંને બાજુથી ઘેરાઈ જાય છે અને તેની અસર સીધી ભારત જેવા દેશો પર પણ પડે છે જે પોતાની ઉર્જા જરૂરિયાતો માટે આ જ માર્ગો પર નિર્ભર છે.

હવે પ્રશ્ન એ થાય છે કે સાઉદી અરેબિયા અને હુથી બળવાખોરો વચ્ચે આટલી ઊંડી દુશ્મનાવટ કેમ છે. આ દુશ્મનાવટને માત્ર એક સરહદ વિવાદ તરીકે જોઈ શકાય નહી, તેના મૂળ ઘણા ઊંડા છે. પહેલું કારણ ધાર્મિક અને વૈચારિક છે. સાઉદી અરેબિયા સુન્ની વિચારધારા ધરાવતો દેશ છે અને પોતાને સુન્ની વિશ્વના નેતા તરીકે જુએ છે, જ્યારે હુથીઓ ઝૈદી શિયા સમુદાયના છે. તેમની વિચારધારા સાઉદી રાજ્યની નીતિઓથી સંપૂર્ણપણે વિરુદ્ધ છે. બીજું અને સૌથી મહત્વનું કારણ પ્રાદેશિક પ્રભુત્વની લડાઈ છે. ઈરાન અને સાઉદી અરેબિયા બંને મધ્ય પૂર્વમાં સૌથી મોટી શક્તિ બનવા માંગે છે અને યમન આ બંનેની પ્રોક્સી વોરનું મેદાન બની ગયું છે. હુથીઓને ઈરાન તરફથી સતત લશ્કરી તાલીમ, આર્થિક સહાય અને અદ્યતન હથિયારો મળે છે, જેમાં ડ્રોન અને મિસાઈલ ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયા માટે તેની દક્ષિણ સરહદ પર ઈરાન સમર્થિત એક સશસ્ત્ર જૂથનું મજબૂત થવું તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે સીધો ખતરો છે.



આ સંઘર્ષનો ઈતિહાસ પણ સમજવો જરૂરી છે. હુથી ચળવળની સ્થાપના ૧૯૯૦ના દાયકામાં શિયા ધર્મગુરુ હુસૈન બદરેદ્દીન અલ-હુથી દ્વારા કરવામાં આવી હતી અને ચળવળનું નામ તેમના જ નામ પરથી પડ્યું છે. શરૂઆતમાં આ એક ધાર્મિક અને સામાજિક આંદોલન હતું જે યમન સરકારના ભ્રષ્ટાચાર અને અમેરિકા તથા ઈઝરાયલ સાથેના તેના ગાઢ સંબંધોનો વિરોધ કરતું હતું. પરંતુ સમય જતાં તેણે સશસ્ત્ર સ્વરૂપ ધારણ કરી લીધું. ૨૦૧૪માં હુથી બળવાખોરોએ યમનની રાજધાની સના પર કબજો કરી લીધો અને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારને હાંકી કાઢી, ત્યારથી યમન ગૃહયુદ્ધમાં સપડાયેલું છે. ૨૦૧૫થી સાઉદી અરેબિયાના નેતૃત્વમાં ગઠબંધને યમન સરકારના સમર્થનમાં હસ્તક્ષેપ શરૂ કર્યો અને ત્યારથી આ યુદ્ધ અટક્યું નથી.

આજે પરિસ્થિતિ એ છે કે જે યુદ્ધ ઈરાનની પરમાણુ સુવિધાઓ અને અમેરિકા-ઈઝરાયલના હિતોના ટકરાવથી શરૂ થયું હતું, તે હવે યમનના પર્વતો અને લાલ સમુદ્રના ટાપુઓ સુધી વિસ્તરી ગયું છે. હુથીઓ દ્વારા મોખા અને મયૂન જેવા સ્થળો પર કબજો કરવો એ સાબિત કરે છે કે તેઓ હવે માત્ર એક બળવાખોર જૂથ નથી, પરંતુ એક એવી શક્તિ છે જે વૈશ્વિક શિપિંગ લેનને નિયંત્રિત કરવાની ક્ષમતા ધરાવે છે. જો આ માર્ગ બંધ થાય તો સુએઝ નહેરનું મહત્વ ઘટી જશે, યુરોપ અને એશિયા વચ્ચેનો વેપાર હજારો કિલોમીટર લાંબા આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપ માર્ગ પરથી ફરી વળશે, જેનાથી માલસામાન મોંઘો થશે અને ડિલિવરીમાં મહિનાઓનો વિલંબ થશે. આ રીતે એક પ્રાદેશિક હુમલો વૈશ્વિક સંકટમાં ફેરવાઈ રહ્યો છે અને તેની સૌથી મોટી કિંમત સામાન્ય લોકોએ ચૂકવવી પડશે.

# કેપ્ટન હરમનપ્રીત કૌરે ત્રણેય ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ છોડી દેવાનો નિર્ણય લીધો

## ૩૭ વર્ષીય હરમનપ્રીત પાંચ ટેસ્ટ, ૫૧ વનડે અને ૧૫૫ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું નેતૃત્વ કરી ચૂકી છે

નવીદિલ્હી,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન હરમનપ્રીત કૌરે એક મોટો નિર્ણય લીધો છે. મંગળવારે, તેણીએ ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમના કેપ્ટન પદેથી રાજીનામું આપવાનો નિર્ણય જાહેર કર્યો. સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક સંદેશ શેર કરતા હરમનપ્રીતે કહ્યું કે આ નિર્ણય સરળ નહોતો, પરંતુ તે હવે એક ખેલાડી તરીકે આગળ વધવા માંગે છે. પોતાના સંદેશમાં હરમનપ્રીતે લખ્યું, ‘‘આજે, હું તમામ ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન પદેથી રાજીનામું આપી રહી છું. આ સરળ નિર્ણય નથી. તે વર્ષોની યાદો, લાગણીઓ, બલિદાન અને ક્ષણો લાવે છે જે મારા બાકીના જીવન માટે મારી સાથે રહેશે.’’

૩૭ વર્ષીય હરમનપ્રીત પાંચ ટેસ્ટ, ૫૧ વનડે અને ૧૫૫ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું નેતૃત્વ કરી ચૂકી છે. કેપ્ટન તરીકેની તેમની છેલ્લી જવાબદારી ગયા મહિને નિસિનમાં ભારતીય ટીમને સતત બીજી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ અપાવવાની હતી. હરમનપ્રીતનો કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય ભારતીય ટીમના ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના અને મુખ્ય કોચ અમોલ મુઝુમદાર સાથે બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયા સાથે મુલાકાત કર્યાના એક દિવસ પછી આવ્યો. ગુવાહાટીમાં યોજાયેલી આ બેઠકમાં ભારતીય મહિલા ટીમના ભાવિ રોડમેપ પર ચર્ચા કરવામાં આવી હતી.



હરમનપ્રીતે કહ્યું કે તેણે ભારતીય મહિલા ક્રિકેટ અને ટીમ માટે પોતાનું સર્વસ્વ આપી દીધું. ઘણી વાર, તેણે ટીમ માટે પોતાનું વ્યક્તિગત પ્રદર્શન, વિકાસ અને વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓને બાજુ પર રાખી. તેણીએ લખ્યું, ‘‘મેં મારું લોહી, પરસેવો અને સમય આ ટીમ અને ભારતીય મહિલા ક્રિકેટને આપ્યો છે. ઘણી વખત, મેં મારી રમત અને વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓનો એક ભાગ પણ બાજુ પર રાખ્યો કારણ કે હું માનતી હતી કે ટીમ પહેલા આવે છે.’’ તેણીએ કેપ્ટન તરીકેના તેના નિર્ણયો માટે તેણીને થયેલી ટીકાનો પણ ઉલ્લેખ કર્યો. હરમનપ્રીતે કહ્યું કે ઘણા નિર્ણયો મુશ્કેલ હતા અને હંમેશા સમજી શકાતા ન હતા, પરંતુ તેમનો એક જ ધ્યેય હતોઃ ટીમમાં સુધારો કરવો અને અન્ય ખેલાડીઓને વિકાસ કરવાની તક આપવી.

હરમનપ્રીતે ભારતીય ટીમ સાથેની તેની સફરના ઉતાર-ચઢાવને યાદ કર્યા. તેણીએ કહ્યું કે તેણીએ નિરાશા, હૃદયભંગ, ટીકા અને મુશ્કેલ સમયનો અનુભવ કર્યો, પણ વિજય, ઉજવણી અને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ પણ અનુભવ્યો.

# લિયોનેલ મેસ્સી છેલ્લી વખત આર્જેન્ટિનાની જર્સીમાં રમશે : બેનિનનો સામનો કરશે

નવીદિલ્હી,

જ્યારે ફૂટબોલની દુનિયાના સૌથી મોટા સ્ટાર્સમાંના એક, લિયોનેલ મેસ્સી, બ્યુનોસ એરેસના પ્રખ્યાત એસ્ટાડિયો મોન્યુમેન્ટલમાં મેદાનમાં ઉતરશે, ત્યારે તે ફક્ત એક મૈત્રીપૂર્ણ મેચ નહીં હોય. આ મેસ્સીનો આર્જેન્ટિનાની જર્સીમાં છેલ્લો મેચ હશે. હજારો દર્શકો સ્ટેડિયમમાં હશે, અને લાખો ચાહકો બેનિન સામેની આ મેચમાં તેમના પ્રિય સ્ટારને છેલ્લી વખત આર્જેન્ટિના માટે રમતા જોશે. ૩૯ વર્ષીય મેસ્સીએ આર્જેન્ટિના સાથેના પોતાના લગભગ બે દાયકા લાંબા શાનદાર કારકિર્દી દરમિયાન કોઈપણ ફૂટબોલર જેનું સ્વપ્ન જોઈ શકે તે બધું પ્રાપ્ત કર્યું છે. હવે, તેની વિદાય મેચ સાથે, આર્જેન્ટિના ફૂટબોલમાં એક યુગનો અંત આવી રહ્યો છે.મેસ્સીએ



૨૦૨૨માં આર્જેન્ટિનાને વર્લ્ડ કપનું ગૌરવ અપાવ્યું. તેણે ૨૦૨૧ અને ૨૦૨૪માં ટીમ સાથે કોપા અમેરિકાનો ખિતાબ પણ જીત્યો. તેણે ૨૦૨૨માં ફાઈનલિસિમા અને ૨૦૦૮ બેઈજિંગ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ પણ જીત્યો. મેસ્સી ૧૨૫ ગોલ સાથે આર્જેન્ટિનાનો સર્વકાલીન અગ્રણી સ્કોરર છે. તેણે ઓગસ્ટ ૨૦૦૫માં હંગેરી સામેની મૈત્રીપૂર્ણ મેચમાં આર્જેન્ટિના માટે ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી, તેણે દેશના મહાન ફૂટબોલરોમાં પોતાને સ્થાપિત કરી લીધા છે. ૨૦૧૬ના કોપા અમેરિકા ફાઈનલમાં ચિલી સામે પેનલ્ટી શૂટઆઉટમાં મળેલી હાર બાદ, તેણે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા.

# દિલ્હી કેપિટલ્સ ફિનિશર પહેલા આશુતોષ શર્માએ ટીમ બદલી : રેલવે છોડીને ગુજરાત ટીમમાં જોડાયો

મુંબઇ,

આશુતોષ શર્મા, જેમણે પોતાની વિસ્ફોટક બેટિંગથી આઈપીએલમાં પોતાની છાપ છોડી હતી, હવે તે સ્થાનિક ક્રિકેટમાં એક નવી ટીમ સાથે રમે છે. જોવા મળશે. દિલ્હી કેપિટલ્સ ફિનિશર ૨૦૨૬-૨૭ સીઝન પહેલા રેલ્વે છોડીને ગુજરાત જોડાયો છે. એવું માનવામાં આવે છે કે આશુતોષ મુખ્યત્વે ગુજરાત માટે મર્યાદિત ઓવરની મેચ રમશે.

મધ્યપ્રદેશના રહેવાસી આશુતોષે મધ્યપ્રદેશ ટીમ સાથે લિસ્ટ છ અને ટી ૨૦ કારકિર્દીની શરૂઆત કરી હતી. જોકે, મધ્યપ્રદેશ ટીમમાં તકોના અભાવે, તે શરૂઆતમાં રેલ્વેમાં જોડાયો હતો. હવે, સ્થાનિક ક્રિકેટમાં તેનું લક્ષ્ય




ફરી એકવાર બદલાઈ ગયું છે. આશુતોષ ગુજરાત ટીમમાં ઉમેરાયેલા ત્રણ વ્યાવસાયિક ખેલાડીઓમાંનો એક હશે. રાજસ્થાનના ફાસ્ટ બોલર અશોક શર્મા અને લેગ-સ્પિનર રવિ બિશ્નોઈ પણ ગુજરાત માટે રમશે. અશોક શર્મા હાલમાં ઘાયલ છે.

અહેવાલ મુજબ, ગુજરાત માટે આશુતોષ શર્માનો ઉમેરો ટીમમાં બીજો મોટો ખેલાડી છે. આ ફેરફાર સાથે સુસંગત છે. ભૂતપૂર્વ ભારતીય ઓફ-સ્પિનર રમેશ પોવારની જગ્યાએ ટીમના નવા મુખ્ય કોચ તરીકે મોન્ટી દેસાઈની નિમણૂક કરવામાં આવી છે. મોન્ટી દેસાઈએ અગાઉ નેપાળ ટીમ સાથે કામ કર્યું છે અને તાજેતરમાં કેનેડાના કોચિંગ સેટઅપ સાથે કામ કર્યું છે. ભાગ હતા. રમેશ પોવારે પણ પુરુષોની જુનિયર પસંદગી પેનલમાં ભૂમિકા માટે અરજી કરી હોવાનું માનવામાં આવે છે. તેઓ તાજેતરમાં ભારત પ્રવાસે આવેલી ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ ટીમ માટે સ્પિન સલાહકાર પણ હતા.

આશુતોષ તાજેતરમાં ઈંગ્લેન્ડમાં વન ડે કપમાં હેમ્પશાયર માટે રમ્યા હતા. જોકે, ટુર્નામેન્ટની છેલ્લી સાત ઈનિંગ્સમાં તેમનું પ્રદર્શન અપેક્ષાઓ પર ખરું ઉતર્યું હતું, જેમાં તેમનો સર્વોચ્ચ સ્કોર ફક્ત ૧૬ રન હતો. હેમ્પશાયર સાથેનો તેમનો કરાર જીએમઆર ગ્રુપની મદદથી સુરક્ષિત થયો હતો.

# ઐયર બે વનડેમાં કેપ્ટનશીપ કરશે, આકાશ દીપનું પુનરાગમન કન્ફર્મ, ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટીમની જાહેરાત ટૂંક સમયમાં

મુંબઇ,

ભારતીય ટીમ આ મહિનાના અંતમાં ન્યુઝીલેન્ડના પ્રવાસ પર જઈ રહી છે, જે ૨૨ ઓક્ટોબરથી ટી૨૦ મેચથી શરૂ થશે. પસંદગીકારો ટૂંક સમયમાં આ પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની ટીમની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે, ફાસ્ટ બોલર આકાશ દીપ ટેસ્ટ ટીમમાં પાછો ફરી શકે છે. પીઠની ઈજાને કારણે તે સાત મહિના માટે બહાર રહ્યો હતો, પરંતુ તાજેતરમાં, તેણે ઈરાની કપમાં શાનદાર પ્રદર્શન કર્યું, છ વિકેટો લઈને પોતાની ફિટનેસ સાબિત કરી. શ્રેયસ ઐયર વનડે શ્રેણીની છેલ્લી બે મેચોમાં ટીમનું નેતૃત્વ કરે તેવી અપેક્ષા છે.સાત મહિના સુધી






પીઠની ઈજા સામે ઝઝૂમ્યા બાદ, ફાસ્ટ બોલર આકાશ દીપ સંપૂર્ણપણે ફિટ થઈ ગયો છે. તેણે ઈરાની કપમાં છ વિકેટો લઈને પોતાની મેચ-ફિટનેસ સાબિત કરી. ટીમ મેનેજમેન્ટ અને મ્ઝ્ઝૈં અધિકારીઓ તેની રિકવરીથી સંતુષ્ટ છે, અને ન્યૂઝીલેન્ડ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટેસ્ટ ટીમમાં તેની વાપસી લગભગ નિશ્ચિત માનવામાં આવે છે .બીસીસીઆઇના એક અધિકારીએ કહ્યું હતું કે ભારતીય ટીમ મેનેજમેન્ટે રેસ્ટ ઓફ ઈન્ડિયા કોચિંગ સ્ટાફને આકાશ દીપની બોલિંગનો સાવધાની સાથે ઉપયોગ કરવા સૂચના આપી હતી, કારણ કે તે ન્યૂઝીલેન્ડ શ્રેણીમાં પરત ફરે તેવી અપેક્ષા છે.ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં વનડે અને ટેસ્ટનો કડક સમયપત્રક છે. શ્રેણીની છેલ્લી વનડે ૧૫ નવેમ્બરે રમાશે. અંતિમ વનડે અને પહેલી ટેસ્ટ (૧૯ નવેમ્બર) વચ્ચે ફક્ત ચાર દિવસનો અંતર છે. પરિણામે, કેપ્ટન શુભમન ગિલ સહિત કેટલાક મુખ્ય ટેસ્ટ ખેલાડીઓ ટેસ્ટ મેચોની તૈયારી માટે અંતિમ બે વનડેમાંથી વિરામ લઈ શકે છે. જો શુભમન ગિલ વિરામ લેશે, તો ઉપ-કેપ્ટન શ્રેયસ ઐયર શ્રેણીની અંતિમ બે વનડેમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરશે.પસંદગીકારો માટે મુખ્ય પડકાર ખેલાડીઓના વર્કલોડનું સંચાલન કરવાનો રહેશે.

# જાવેદ અખ્તરે ટ્રિપલ તલાક પર સવાલ ઉઠાવી મુસ્લિમ સમુદાયમાં આંતરિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો

મુંબઇ,

પ્રખ્યાત લેખક અને બોલિવૂડ ગીતકાર જાવેદ અખ્તર તેમના સ્પષ્ટવક્તા વિચારો માટે જાણીતા છે. તેઓ ઘણીવાર સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરે છે. હવે, એક ઈન્ટરવ્યુમાં, તેમણે મુસ્લિમ સમુદાયમાં સામાજિક સુધારાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તાત્કાલિક ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો ઘડવાનો ઉલ્લેખ કરતા, તેમણે પ્રશ્ન કર્યો કે મુસ્લિમ પર્સનલ લોમાં જરૂરી ફેરફારો સમુદાયમાં કેમ કરવામાં આવ્યા નથી અને શા માટે સરકારી હસ્તક્ષેપની રાહ જોવી પડી. જાવેદ અખ્તરે આ ચર્ચાને ’ધર્મનિરપેક્ષતા’ સાથે જોડી અને અનેક તીક્ષ્ણ પ્રશ્નો ઉભા કર્યા.



જાવેદ અખ્તરે કહ્યું કે મુસ્લિમ પર્સનલ લો ૧૯૩૭ માં અસ્તિત્વમાં આવ્યો અને ભારતને ૧૯૪૭ માં સ્વતંત્રતા મળી. તેમણે પ્રશ્ન કર્યો કે સ્વતંત્રતા પછી લાંબા સમય સુધી આ વ્યવસ્થાને બદલવા માટે કોઈ પહેલ કેમ કરવામાં આવી નહીં. તેમણે કહ્યું કે જો કોઈ સામાજિક પ્રથામાં સુધારાની જરૂર હોય, તો તે સમુદાયની અંદરથી શરૂ થવી જોઈતી હતી. જાવેદ અખ્તરે પ્રશ્ન કર્યો કે ભાજપની આગેવાની હેઠળની સરકારને ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો ઘડવાની જરૂર કેમ પડી. તેમણે આ પરિસ્થિતિને "શરમજનક" ગણાવી અને પૂછ્યું કે આ કેવા પ્રકારનો ધર્મનિરપેક્ષતા હોઈ શકે છે. તેમના નિવેદનથી મુસ્લિમ પર્સનલ લો અને સામાજિક સુધારા અંગે લાંબા સમયથી ચાલી આવતી ચર્ચા ફરી એકવાર સામે આવી.ત્વરિત ત્રિપલ તલાક અંગે દેશમાં લાંબા સમયથી કાનૂની અને સામાજિક ચર્ચા ચાલી રહી છે. ૨૨ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ, સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે તાત્કાલિક ત્રિપલ તલાક, અથવા તલાક-એ-બિદ્દત, ગેરબંધારણીય અને મનસ્વી જાહેર કરી.

# સલમાન ખાન સહિતના સ્ટાર્સે અરબાઝ ખાનની પુત્રીના પહેલા જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપી

મુંબઇ,

અરબાઝ ખાન અને શૂરા ખાનની પુત્રી સિપારા ખાનનો જન્મ ૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ થયો હતો. આજે, આ દંપતીની પુત્રી એક વર્ષની થઈ, અને તેઓએ આખા પરિવાર સાથે ઉજવણી કરી. આ ખાસ પ્રસંગ પરિવાર માટે એક સુંદર ક્ષણ બની ગયો, કારણ કે સિપારાના પહેલા જન્મદિવસને ખાસ અને યાદગાર બનાવવા માટે ઘણા સેલિબ્રિટી પરિવાર સાથે જોડાયા હતા. અરબાઝ ખાનની પુત્રીના પહેલા જન્મદિવસના ઘણા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, અને હાલમાં વાયરલ થઈ રહ્યા છે. સલમાન ખાને પણ તેની ભત્રીજી સિપારાની





જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપી હતી.

અરબાઝ ખાન અને શૂરા ખાને આજે, ૫ ઓક્ટોબરે તેમની પુત્રીનો પહેલો જન્મદિવસ ઉજવ્યો. પાર્ટીમાં ઘણા મોટા બોલિવૂડ સેલિબ્રિટી જોવા મળ્યા હતા. સલમાનના પિતા સલીમ ખાન, માતા સલમા ખાન અને હેલેન પણ તેની પૌત્રીના જન્મદિવસની પાર્ટીમાં હાજર રહ્યા હતા. સલમાન ખાને પણ તેની ભત્રીજી સિપારાના જન્મદિવસની પાર્ટીમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં, તે બ્લેક ટી-શર્ટ અને બ્લુ ડેનિમ જીન્સમાં પાર્ટીમાં હાજરી આપતા જોઈ શકાય છે.અલવીરા ખાન અને અતુલ અગ્નિહોત્રીએ બાંદ્રામાં અરબાઝ ખાન અને શૂરા ખાનની પુત્રીની જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપી હતી. સુંદર યુલિયા વંતુર પણ ઉજવણીમાં જોડાઈ હતી. તેની સ્ટાઈલિશ ફેશન પસંદગીઓ સોશિયલ મીડિયા પર દરેકનું ધ્યાન ખેંચી રહી છે. તેણે સિપારા ખાનના જન્મદિવસ માટે લાલ પોશાક પસંદ કર્યો હતો.

હેલેન મુંબઈમાં અરબાઝ ખાન અને શૂરા ખાનની પુત્રીના જન્મદિવસમાં હાજરી આપી હતી. સોહેલ ખાને તેના પુત્ર યોહાન ખાન સાથે સિપારા ખાનના જન્મદિવસમાં હાજરી આપી હતી. આ ખાસ પ્રસંગે નિર્વાણ ખાન પણ જોવા મળ્યો હતો.

સલીમ ખાન અને સુશીલા ચરક તેમની પૌત્રીના પહેલા જન્મદિવસની ઉજવણી કરવા માટે સાથે આવ્યા હતા. આ સુંદર કૌટુંબિક ક્ષણ કેમેરામાં કેદ થઈ હતી. આ યાદગાર અને ભવ્ય ઉજવણીમાં કૃતિકા કામરા અને ગૌરવ કપૂર પણ જોવા મળ્યા હતા.

અરબાઝ ખાન અને શૂરાએ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ મુંબઈમાં એક ખાનગી નિકાહ સમારંભમાં લગ્ન કર્યા અને ૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ તેમની પુત્રી સિપારા ખાનનું સ્વાગત કર્યું. આ દંપતીએ હજુ સુધી સોશિયલ મીડિયા પર તેમની પુત્રીનો ચહેરો જાહેર કર્યો નથી, જે ૫ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ એક વર્ષની થાય છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | ર | કે | સ | રી | ત | રો | અ | બૂ | નિ | રા | કી |
| અઃ | ગ | ત્રિ | કો | ણ | ત્રિ | વે | ણી | વે | ધી | બ | આ |
| મા | ક | કા | આ | લ | ઇ | ઈ | દ | ર | અ | તુ | ક |
| લ | બ | એ | કા | બ | પ્ર | ન | જ | ક્ષ | સ | ક્ષ | બં |
| અ | ળો | ચી | અઃ | ર | ધ | દુ | નિ | યા | અ | લી | તી |
| ણ | રી | લ | લ | ણ | લી | લ | ધો | લ | મા | ગ | કા |
| અ | ન | દ | ભો | ધ | લા | ર | ર | પ્ર | એ | ધ | ત |
| રો | રા | બ | અ | સા | ન | ણ | ણ | દ | શિ | ર | ર |
| પ્ર | કી | દ | બં | ણ | અં | ત | ખ | ભ | ર | ધ | રી |
| સ | ક | બો | તી | અ | મ | લ | ચા | ઐ | દ | ઈ | દુ |
| ગં | રી | ર | ગ | દ | ગં | મ | અ | સ | બ | ર | વિ |
| ત | પ્ર | ન | ણ | શિ | સા | ઊ | સ | અ | ચા | બ | ધા |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# રશ્મિકા અને વિજય દેવેરાકોંડા વચ્ચે પહેલી મુલાકાત બહુ સારી નહોતી : અભિનેત્રીએ કર્યો ખુલાસો



મુંબઇ,

રશ્મિકા મંડન્ના અને વિજય દેવેરાકોંડાની પહેલી મુલાકાત બહુ સારી નહોતી. તેઓએ ’ગીથા ગોવિંદમ’ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. તે સમયે, રશ્મિકા ઈન્ડસ્ટ્રીમાં નવી હતી, જ્યારે વિજય પહેલાથી જ કેટલીક ફિલ્મોમાં કામ કરી ચૂક્યો હતો. પરંતુ શું થયું તેનાથી અભિનેત્રી રડી પડી?

રશ્મિકાએ તાજેતરમાં પ્રખર ગુપ્તાના પોડકાસ્ટ પર વિજય સાથેની પોતાની પહેલી મુલાકાતની વાર્તા કહી. તેણીએ સમજાવ્યું કે જ્યારે તે સેટ પર વિજયને પહેલી વાર મળી ત્યારે તેણીએ તેને ’સર’ કહીને બોલાવ્યો. આનું કારણ એ હતું કે તે ઈન્ડસ્ટ્રીમાં નવી હતી અને વિજય પહેલાથી જ ત્રણ-ચાર ફિલ્મોમાં કામ કરી ચૂક્યો હતો.

રશ્મિકાએ ખુલાસો કર્યો કે શૂટિંગના પહેલા દિવસે, તે સેટ પર થોડું સંગીત વગાડી રહી હતી. વિજયે તેણીને સંગીત બંધ કરવા કહ્યું. રશ્મિકાના જણાવ્યા મુજબ, વિજયે કહ્યું, "સંગીત બંધ કરી દે."

આ ઘટનાને યાદ કરતાં, વિજયે સમજાવ્યું કે તે સ્વભાવે ખૂબ જ સીધો અને સ્પષ્ટવક્તા છે. તે સમયે તેને ખ્યાલ નહોતો કે તેના શબ્દો રશ્મિકાને આટલો બધો નારાજ કરશે.

વિજયે ખુલાસો કર્યો કે તેણે રશ્મિકા સાથે મોટેથી વાત કરી હતી, "તમે કેવા પ્રકારનું ખરાબ સંગીત વગાડી રહ્યા છો?" વિજયે સમજાવ્યું કે તે બંનેએ એક બંધ કારવાં શેર કરવી પડી હતી. કારણ કે તે સમયે તેઓ મોટા સ્ટાર ન હતા, કારવાંનો અડધો ભાગ રશ્મિકા માટે હતો અને બાકીનો અડધો ભાગ વિજય અને તેની ટીમ માટે હતો.

# માધુરી દીક્ષિત કેબીસી સેટ પર "પારો" તરીકે ચમકી, અમિતાભ બચ્ચને અભિનેત્રીની પ્રશંસા કરી

મુંબઇ,

અમિતાભ બચ્ચનના જન્મદિવસ સપ્તાહ દરમિયાન, "કોન હોનાર કરોડપતિ" હોસ્ટ માધુરી દીક્ષિત "કૌન બનેગા કરોડપતિ" માં સ્પર્ધક તરીકે જોડાઈ. ત્યાં, તેણીએ અમિતાભ બચ્ચનને પ્રભાવિત કરતી ફિલ્મ "દેવદાસ" માંથી "પારો" ની તેણીની ભૂમિકાને તેજસ્વી રીતે ફરીથી બનાવી. શોના નવા પ્રોમોમાં, અમિતાભ બચ્ચન અભિનેત્રીની પ્રશંસા કર્યા વગર રહી શક્યા નહીં, જેમણે તેમના સૌથી પ્રખ્યાત પાત્ર, પારોને સંપૂર્ણ રીતે રજૂ કર્યા. તેમના દરેક પગલાને દર્શકોએ ખૂબ પસંદ કર્યો, અને અભિનેત્રીનું દિલ જીતી લીધું.





પ્રોમોમાં, અમિતાભ કમ્પ્યુટરને માધુરી માટે ગીત વગાડવા કહે છે. સુંદર ગુલાબી સાડી પહેરેલી, અભિનેત્રી પોતાની સીટ પર બેસીને ફિલ્મ "દેવદાસ" નું "કાહે છે મોહે" ગીત રજૂ કરે છે. અમિતાભ તેમના અભિનયની પ્રશંસા કરતા અને ફરતા દેખાતા સ્પષ્ટપણે પ્રભાવિત થાય છે. જેમ જેમ પ્રેક્ષકો ઉત્સાહિત થાય છે અને માધુરી તેમના મૂવ્સ બતાવે છે, હોસ્ટ તાળીઓ પાડે છે અને કહે છે, "કેટલી સ્ટાઈલ! અદ્ભુત, અદ્ભુત, માધુરી જી." પ્રોમો શેર કરતા, નિર્માતાઓએ કેપ્શનમાં લખ્યું, "માધુરીની સ્ટાઈલ, બધા માટે ખાસ.અમિતાભ તાજેતરમાં નાગ અશ્વિનની ’કલ્કી 2898 AD’ માં દેખાયો હતો. તે ટૂંક સમયમાં તેની સિક્વલમાં પ્રભાસ અને કમલ હાસન સાથે દેખાશે. જોકે, અભિનેતા હાલમાં KBC ની સીઝન ૧૮ ના શૂટિંગમાં વ્યસ્ત છે.

# રાજકોટ જિલ્લાના ૨૪ ગામોમાં પાણી પુરવઠાના રૂા.૫૦ લાખના કામોને મંજૂરી આપતા કલેકટર

## કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને 'જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ'ની બેઠક યોજાઈ

રાજકોટ, કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને 'જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ'ની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ જિલ્લામાં પેયજળ સંબંધિત ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો તેમજ ગ્રામીણ જળ પુરવઠા યોજનાઓની સમીક્ષા કરી હતી.

આ બેઠક દરમિયાન કલેક્ટરે ગ્રામ્ય પાણી પુરવઠા યોજના હેઠળ ૨૪ ગામોમાં અંદાજિત રૂ. ૫૦ લાખના વિવિધ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ ઉપરાંત, તેમણે તાલુકાવાર યાંત્રિક અને સિવિલ વિભાગના પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરીને નિર્ધારિત સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં પંપ ઓપરેટરોને ગુજરાત પાણી પુરવઠા બોર્ડના હેડવર્કસ ખાતે તાલીમ આપવા, પાણી વેરા વસૂલાતમાં ક્ષમતાવર્ધન હાથ ધરવા અને પાણીની ગુણવત્તા ચકાસણીની કામગીરી સુદ્રઢ બનાવવા અંગે ચર્ચા કરાઈ હતી.

કલેક્ટરએ જિલ્લામાં જૂથ સુધારણા યોજના અંતર્ગત ખૂટતા



સ્ટોરેજના સંપ રદ કરવા બાબતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પાણી વેરા વસૂલાત પ્રોત્સાહન યોજનાની રકમ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ હેઠળના કામોની મરામત અને નિભાવણીમાં સ્વસહાય જૂથોની ભાગીદારી તથા પાણી પુરવઠા કચેરીની કામગીરી અંગે સંબંધિત અધિકારીઓ સાથે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, કલેક્ટરે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ વ્યક્તિગત શૌચાલય, સામૂહિક શૌચાલય, સેગ્રીગેશન શેડ, સામુહિક કમ્પોસ્ટ પીટ, સામુહિક સોકપીટ, ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ગોબરધન યોજનાના પૂર્ણ થયેલા, હાલ ચાલુ હોય તેવા અને બાકી રહેલા વિકાસ કામોની સમીક્ષા કરી હતી, તેમજ ધોરાજી તાલુકાના મોટી પરબડી અને ભુતવડ ગ્રામ પંચાયત ખાતે સામુહિક શૌચાલયો બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

આ તકે આસિસ્ટન્ટ કલેક્ટર ટીના કલ્યાણ, વાસ્મો યુનિટ મેનેજર ડી. એસ. બારીયા, પાણી પુરવઠા કાર્યપાલક ઈજનેર અંકિતભાઈ ગોહેલ, જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ, સ્વચ્છ ભારત મિશન જિલ્લા કો-ઓર્ડીનેટર મીનાક્ષીબેન કાચા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સૌરાષ્ટ્ર ભાજપ સંગઠન સહમહામંત્રી અરૂણ બિન્નાડી રાજકોટમાં




રાજકોટ,સૌરાષ્ટ્ર માટે નિયુક્ત થયેલા ગુજરાત ભાજપના સંગઠન સહમહામંત્રી શ્રી અરુણ બીન્નાડી રાજકોટ આવી પહોંચ્યા હતા તેમની સાથે સૌરાષ્ટ્રના ઈન્ચાર્જ મહામંત્રી શ્રી અનિરુદ્ધ દવે પણ રાજકોટ આવ્યા છે.

શ્રી બિન્નાડી હવે રાજકોટમાં જ મુકામ કરશે તથા સૌરાષ્ટ્ર-કચ્છ ભાજપ સંગઠનની કામગીરી જોશે. તેઓ આજે રાજકોટ આવ્યા બાદ સર્વપ્રથમ જીલ્લા ભાજપ વડામથકે પહોંચ્યા હતા. જયાં જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય તથા જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડીયાએ સ્વાગત કર્યુ બાદમાં તેઓએ જીલ્લા ભાજપની બેઠક લીધી હતી. જેમાં ધારાસભ્યો પણ હાજર હતા.

# રાજકોટના શ્યામ ગ્રુપ દ્વારા સેવાકિય કાર્ય અંતર્ગત ફુડ વિતરણ કરાયું



રાજકોટ,

રાજકોટમાં સ્વામીનારાયણ ચોક ખાતે શ્યામ ગ્રુપ દ્વારા તુલસીજીના રોપા, કુંડા, ચકલીના માળા તેમજ સ્લમ વિસ્તારમાં ફુડ વિતરણ કરવામાં આવેલ.આ સેવાકાર્યમાં શ્યામ ગ્રુપના નારણભાઈ ટોળીયા, વોર્ડ નં. ૧૩ યુવા મોરચા પ્રમુખ રોહીત બોળીયા, કાર્પોરેટરો પંકજભાઈ લુણાગરીયા, મોહિતસિંહ, પૃથ્વીસિંહ જાડેજા, સોલનબેન સેલારા માધવીબેન બદ્રકીયા તથા જીતુભાઈ સેલારા, યોગરાજસિંહ જાડેજા, પ્રતાપભાઈ વ્યાસ, પીન્ટુભાઈ રાઠોડ, દિનેશભાઈ ટોળીયા, ગોપાલ બોળીયા, નિતિનભાઈ બદ્રકીયા, પૃથ્વીસિંહ જાડેજા, કલાકાર તુલસીદાસ ગોંડલીયા, સંદીપ અંબાસણા, વિજય ટોળીયા, ભરત બોરીચા, જયોતીબેન પંડયા, મનીષાબેન પટેલ મેઘાબા વાળા, મનોજભાઈ પટેલ કુમકુમ ગ્રુપ અશોકભાઈ ડાભી, નાગજીભાઈ ગોલતર વગેરે સેવા કાર્યના સહભાગી બનેલ.

# રાજકોટ મનપા ૩૬૪ આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા હી સેવા સંકલ્પ કાર્યક્રમ ઉજવાયો




રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા સંચાલિત ૫૩ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૨૫-૯ થી ૩-૧૦ દરમિયાન આંગણ મિલન સેવા કાર્યક્રમની ઉજવણી અંતર્ગત શાસ્ત્રીનગર ૧/૨ના આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમ તેમજ આનંદ નગર ક્વાર્ટર આંગણવાડી કેન્દ્ર ખાતે સ્વછતા હી સેવા સંકલ્પ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્યો ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, વોર્ડ નં ૧ કોર્પોરેટર સેજલબેન ચૌધરી, કોર્પોરેટરો, આરોગ્ય વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. મહેમાનો દ્વારા આંગણવાડી કેન્દ્રની વિવિધ સેવાઓ તથા પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ બાળકો, માતાઓ, વાલીઓ અને કિશોરીઓ સાથે સંતુલિત આહાર અંગે સંવાદ કરવામાં આવ્યો હતો.

કિશોરીઓએ રંગોળી બનાવી હતી. બાળકોને ફળ, સુખડી તથા પ્રોત્સાહક ગિફ્ટનું વિતરણકરવામાં આવ્યું હતું. સ્વછતા હી સેવા સંકલ્પ કાર્યક્રમ દ્વારા ૩૬૪ આંગણવાડી ખાતે સફાઈ તેમજ વૃક્ષારોપણ કરાયું હતું. કેન્દ્રના બે પોષણ ચેમ્પિયન બાળકોની પસંદગી કરી તેમને પ્રોત્સાહક ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રાજકોટના કબા ગાંધીનાં ડેલામાં પ્રાર્થના સભા-શબ્દાંજલિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, રાજકોટના ઉપક્રમે મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મ જયંતિ અંતર્ગત પૂ. બાપુના વિદ્યાર્થીકાળના નિવાસસ્થાન કબા ગાંધીના ડેલામાં સાંય પ્રાર્થનાસબા અને શબ્દાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાર્થના-ભજન રાજેશભાઈ વ્યાજ દ્વારા રજુ કરવામાં આવેલ.

આ પ્રસંગે ગુજરાતના જાણીતા શિક્ષક, ગુજરાતી સાહિત્યના અધ્યાપક, લેખક અને વકતા એવા ડો. રમજાન હસણિયા ગાંધી હતા, છે અને રહેશે વિષય ઉપર પ્રવચન આપેલ. આ પ્રસંગે ગાંધી સ્મૃતિ ટ્રસ્ટના પ્રમુખ અનામિકભાઈ શાહ, હીરાભાઈ માંજરીયા, જયશ્રીબેન સંઘાણી, હિમ્મતભાઈ, વિનોદભાઈ ગોસલિયા, કૌશિકભાઈ મહેતા, રાજકોટ હેડ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર જનરલ પવનકુમાર દાલમીયા હાજર રહ્યા હતા.

# ધોરાજીના લેઉઆ પટેલ બાબરીયા પરિવારના સુરાપુરાની ૧૭મી વાર્ષિક તિથીની ઉજવણી: યજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથા યોજાઇ

ધોરાજી, તા.૫

ધોરાજી ના લેઉઆ પટેલ બાબરીયા પરીવાર ના કીર્તિવંતા સુરાપુરા ની૧૭ મી વાર્ષીક તીથી નિમિત્તે યજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથા યોજવામાં આવી હતી.

ધોરાજી ના પંચનાથ મહાદેવ મંદિર ના સાનિધ્ય બિરાજમાન લેઉઆ પટેલ બાબરીયા પરીવાર ના કિર્તિવંતા સુરાપુરા બાપાનાં મંદિર ખાતે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી જેમાં વિદ્વાન પંડિત દ્વારા કથા નું અમૃત પાન કરાવામાં આવેલ હતું. અને વિશાળ સંખ્યામાં




પરીવાર જનો હાજર રહી કથાનું રસપાન કરેલ હતું તેમજ આ પ્રસંગે સુરાપુરા બાપાનાં મંદિર ખાતે ભવ્ય યજ્ઞ યોજવામાં આવેલ હતો જેમાં વિદ્વાન પંડિતો દ્વારા પૂજા અર્ચના અને મહા આરતી કરવામાં આવેલ હતા આ તકે સમગ્ર બાબરીયા પરિવારના દેશ અને વિદેશથી ભાવિકો હાજર રહી વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવેલ હતી

આ તકે બાબરીયા પરિવારના યુવાનો દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી ભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવે છે આ યજ્ઞ અને કથાનાં શુભ કાર્યમાં યુવાનો જોડાયા હતા અને બાબરીયા પરીવાર ના મોભીઓ એ યુવાનો ની સેવાઓ ને બિરદાવી હતી.

# રાજકોટ ફિઝિયોથેરાપી એસોસિએશનનો 'ઝણકાર ૨૦૨૬' નવરાત્રી મહોત્સવ યોજાયો

રાજકોટ,રાજકોટ ફિઝિયોથેરાપી એસોસિએશન દ્વારા ફિઝિયોથેરાપી ક્ષેત્ર સાથે સંકળાયેલા તબીબો, ફિઝિયોથેરાપિસ્ટો, ક્લિનિક સંચાલકો અને સ્ટાફને એકસાથે જોડવાના હેતુથી આર.વી.'સ કિચન ખાતે 'ઝણકાર ૨૦૨૬-ધ ગ્રાન્ડ આપીએ નવરાત્રી સેલિબ્રેશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સભ્યો, તેમના પરિવારજનો અને સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ માતાજીની આરતીથી થયો હતો. ત્યારબાદ પરંપરાગત ગરબા અને રાસ સાથે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ફોટોગ્રાફી સ્પર્ધા સહિત વિવિધ મનોરંજક સ્પર્ધાઓ



યોજાઈ હતી, જેમાં સભ્યોએ પરંપરાગત પોશાકમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ આયોજનનો હેતુ માત્ર નવરાત્રીની ઉજવણી પૂરતો સીમિત ન રાખીને ફિઝિયોથેરાપી ક્ષેત્ર સાથે જોડાયેલા સભ્યો, ક્લિનિક સંચાલકો અને સ્ટાફ વચ્ચે મિત્રતા, સંવાદ, એકતા અને ટીમ ભાવના વધુ મજબૂત કરવાનો હતો. કાર્યક્રમમાં પરંપરાગત સંસ્કૃતિ સાથે સોશિયલ મીડિયાનો પણ સુંદર સમન્વય જોવા મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. કિર્તન પટેલ, ડો. અક્ષય કચ્છા, ડો. ભાર્ગવ, ડો. કૈરવી પટેલ અને કમિટી હેડ ડો. ચિરાગ સોલંકી સહિતની આયોજન ટીમે છેલ્લા એક મહિનાથી મહેનત કરી હતી.

આ આયોજનમાં સ્વસ્તિક ચિલ્ડ્રન્સ ઓર્થોપેડિક હોસ્પિટલ તથા આધ્યા એન્ટરપ્રાઈઝ સહિતના મુખ્ય પ્રાયોજકો અને મધુરમ પીડિયાટ્રિક રિહેબિલિટેશન સેન્ટર, આશ્રય ફિઝિયોથેરાપી એન્ડ પેઈન મેનેજમેન્ટ ક્લિનિક, હેલ્થ પ્લસ, સનશાઈન, ડો. કૈરવી પટેલ્સ ફિઝિયોથેરાપી સેન્ટર, ઓલિવ ડેન્ટલ એન્ડ ફિઝિયોથેરાપી ક્લિનિક સહિતના સહયોગીઓનો સહયોગ મળ્યો હતો.

# એન્ટરપ્રાઈઝ નેટવર્કના પરિવર્તનને વેગ આપવા Vi Business અને સિસ્કોએ ભાગીદારી કરી

રાજકોટ,

એન્ટરપ્રાઈઝમાં ક્લાઉડનો ઉપયોગ અને વિવિધ સ્થળોએથી થતી કામગીરી ઝડપથી વધી રહી છે ત્યારે નેટવર્કએઆઈના યુગ માટે મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની રહ્યાં છે. તેના કારણે સુરક્ષિત, વિસ્તારી શકાય તેવા અને ઈન્ટેલિજન્ટ નેટર્વકિંગની માંગ વધી રહી છે. ઉદ્યોગના અંદાજ મુજબ, ભારતમાં SD-WANનું બજાર ૨૦૩૧ સુધીમાં ૨૦.૫ ટકાના સીએજીઆર સાથે વધીને ૧૪.૬ અબજ યુએસ ડોલર સુધી પહોંચવાની ધારણા છે.વોડાફોન આઈડિયા લિમિટેડના ચીફ એન્ટરપ્રાઈઝ બિઝનેસ ઓફિસર એમ. પી. સુનીલ કુમારે જણાવ્યું હતું કે, "આજના સમયમાં એન્ટરપ્રાઈઝને એવી સુરક્ષિત અને ઝડપી નેટર્વકિંગ વ્યવસ્થાની જરૂર છે, જે તેમના બદલાતા વ્યૂહાત્મક લક્ષ્યો સાથે સીધી રીતે સુસંગત હોય. અદ્યતન ક્લાઉડ-મેનેજડ જીઠ્ઠ-ઉછ્દ્ધ, વાયર્ડ અને વાયરલેસ નેટર્વકિંગ તથા બિલ્ટ-ઇન સુરક્ષાને એકસાથે જોડીને અમે એન્ટરપ્રાઈઝને વિવિધ સ્થળોએ ફેલાયેલા નેટવર્કનું કેન્દ્રીય સ્તરે સંચાલન કરવાની સુવિધા આપી રહ્યા છીએ સિસ્કો ઈન્ડિયા એન્ડ સાઉથ એશિયાના મેનેજિંગ ડિરેક્ટર, પાર્ટનર ઓર્ગેનાઈઝેશન, અશોક શિવશંકરે જણાવ્યું હતું કે, "જેમ આપણે એઆઈને પ્રાથમિકતા આપતા વિશ્વ તરફ આગળ વધી રહ્યા છીએ તેમ આધુનિક એન્ટરપ્રાઈઝ નેટવર્ક ઈન્ટેલિજન્ટ, સિક્યોર અને સતત બદલાતી જરૂરિયાતોને અનુરૂપ હોવું જરૂરી છે.

# ધારાસભ્ય ડો. દર્શિતા શાહની ગ્રાન્ટમાંથી વોર્ડ નં.૧૦માં બોર રીચાર્જની કામગીરીનું ખાતમુહૂર્ત



રાજકોટ,

રાજકોટના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા વિધાનસભા-૬૯માં જુદાજુદા વોર્ડમાં નવા બોર તથા બોર રીચાર્જની કામગીરી માટે ૪૫ લાખ થી પણ વધારે ગ્રાન્ટ ફાળવેલ છે અને વિધાનસભા-૬૯ના જુદાજુદા વોર્ડમાં નવા બોર તથા બોર રીચાર્જની કામગીરી કરવામાં આવેલ છે.

તેવા જ એક ભાગ રૂપે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જુદાજુદા વોર્ડમાં એક સાથે ૨૫ બોર રીચાર્જની કામગીરી કરવામાં આવશે અને જે પૈકી વોર્ડ નં.૧૦માં બોર રીચાર્જની કામગીરીનું કેવલમ રેસીડન્સી પુષ્કરધામ મેઈન રોડ ખાતે ખાતમૂહર્ત કરવામાં આવેલ.

# રાજકોટમાં પીએમ સ્વનિધી યોજના થકી શેરી ફેરીયાઓને સિકયુરીટી વિના લોન મળશે

રાજકોટ,

કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ-૧૯થી અસરગ્રસ્ત શેરીફેરિયાઓ માટે પીએમ સ્વનિધી યોજના થકી તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી વર્કિંગ કેપિટલ લોન મળી રહે તે માટે શહેરી મંત્રાલય દ્વારા માર્ચ-૨૦૩૦ સુધી લાગુ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે ફેરિયાઓ તેમનો વ્યવસાય શ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે.

આ યોજનામાં સમગ્ર શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ છે તેમની અરજીઓના નિકાલ, લોન મેળવેલ ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનું સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ થકી સરકારની અન્ય યોજનાઓનો લાભ આપવામાં આવે છે.

આવા કુલ ૩૫,૦૯૪ લાભાર્થીઓને સિક્યુરીટી વિના લોન મળેલ છે. હજુ પણ આ યોજનાના લાભથી વંચિત રહેલ ફેરી પ્રકારનો વ્યવસાય કરતા શહેરના લાભાર્થીઓને એનયુએલએમ સેલ, મહાનગરપાલિકા, ઢેબર રોડ ખાતે આધાર કાર્ડ,આધાર કાર્ડ સાથે જોડાયેલ મોબાઈલ નંબર, ચુંટણી કાર્ડ, બેંક પાસબુક, યુપીઆઈ આઈ.ડી., ઓરીઝનલ અને ઝેરોક્ષ નકલ સાથે કચેરીનો સંપર્ક કરવા વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમે તેમનો સફાયો કરી નાખીશું, કોઈ બચી શકશે નહીં

## ઈન્ડિયા ગઠબંધનના આંદોલન દરમિયાન રાહુલ ગાંધી, પ્રીયંકા અને મલ્લિકાર્જુન ખડગેએ કર્યા મુખ્ય ચૂંટણી કમિશનર અને ભાજપ પર આકરા શાબ્દીક પ્રહાર



નવી દિલ્હી,
મંગળવારે જ્યારે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનના સાંસદો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં ચૂંટણી પંચ તરફ કૂચ કરી રહ્યા હતા, ત્યારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા આકાશવાણી ભવનના દરવાજા સુધી પહોંચ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર પ્રહારો તેજ કર્યા હતા; તેમણે આરોપ લગાવ્યો હતો કે લોકોના અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે અને ચેતવણી આપી હતી કે વિપક્ષ પોતાની લડત ચાલુ રાખશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ 'ઈન્ડિયા' ગઠબંધનની વિરોધ કૂચ દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષ માત્ર ભાજપનો સામનો જ નહીં કરે પરંતુ તેનો "નાશ" પણ કરશે. ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે દેશ સાથે જે કરવામાં આવ્યું છે તે "દેશદ્રોહ" સમાન છે અને કહ્યું હતું કે, "કોઈ પણ બચી શકશે નહીં."

મંગળવારે, દિલ્હીમાં ચૂંટણી પંચ તરફ 'ઈન્ડિયા' ગઠબંધનની વિરોધ કૂચ દરમિયાન રાહુલ અને પ્રિયંકા ગાંધીની અટકાયત કરવામાં આવી હતી; આ કૂચમાં વિપક્ષી સાંસદો જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. સંસદના મકર દ્વારથી શરૂ થયેલી આ કૂચ દરમિયાન ભારે સુરક્ષા વ્યવસ્થા હતી અને નિર્વાચન સદન સુધીના માર્ગ પર બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા.

મતદાર યાદીના પુનરાવર્તનમાં અનિયમિતતાના વિપક્ષના આરોપો અને મતદાર તરીકે નોંધણી માટે વપરાતા કાયદાકીય ફોર્મ (ફોર્મ ૬) સંબંધિત ફેરફારો સામેના વાંધાઓ વચ્ચે આ કૂચ યોજાઈ હતી. વિપક્ષ તેના વ્યાપક "લોકશાહી બચાવો" કાર્યક્રમ હેઠળ ચૂંટણી પંચ વિરુદ્ધ પોતાનું અભિયાન તેજ કરી રહ્યું છે. નિર્વાચન સદન તરફ આગળ વધતા પહેલા સાંસદો મકર દ્વાર ખાતે એકઠા થયા હતા. આ કૂચમાં કોંગ્રેસના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીની સાથે ટીએમસી (સ્ઞ) સાંસદ અભિષેક બેનર્જી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ જોડાયા હતા.'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવની અટકાયત.

# ઉત્તરાખંડમાં ભારત-યુએઈ સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ : પહાડી યુદ્ધકળા ઉપર વિશેષ ધ્યાન અપાશે

દહેરાદુન,
ભારત અને યુએઈના સૈનિકોનો સમાવેશ કરતી સંયુક્ત લશ્કરી કવાયત સોમવારે ઉત્તરાખંડમાં શરૂ થઈ હતી, જેનો ઉદ્દેશ્ય પર્વતીય યુદ્ધ પર ધ્યાન કેન્દ્રિત કરીને આંતર-કાર્યક્ષમતા, પરસ્પર સમજણ અને સહયોગ વધારવાનો છે.

બંને સેનાઓના સમાન પ્રતિનિધિત્વ સાથે કુલ ૯૨ કર્મચારીઓ 'એક્સરસાઈઝ માઉન્ટેન ગાર્ડિયન'માં ભાગ લઈ રહ્યા છે. ભારતીય સેનાના ટુકડીમાં ભૈરવ બટાલિયનના સૈનિકોનો સમાવેશ થાય છે, જ્યારે યુએઈ આર્મી ટુકડીમાં માઉન્ટેન ઈન્ફન્ટ્રી બટાલિયનના સૈનિકોનો સમાવેશ થાય છે, એમ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું."બંને સેનાઓના મહિલા અધિકારીઓ અને લડવૈયાઓ પણ નિષ્ણાત ભૂમિકાઓમાં કવાયતમાં ભાગ લઈ રહ્યા છે," તે એક નિવેદનમાં જણાવાયું છે.

ભારત-યુએઈ સંયુક્ત લશ્કરી કવાયત ઉત્તરાખંડના ચૌબતિયાના ફોરેન ટ્રેનિંગ નોડ ખાતે શરૂ થઈ હતી.૫ થી ૧૮ ઓક્ટોબર દરમિયાન યોજાનારી આ કવાયતનો હેતુ પર્વતીય યુદ્ધ પર ધ્યાન કેન્દ્રિત કરીને આંતર-કાર્યક્ષમતા, પરસ્પર સમજણ અને સહયોગ વધારવાનો છે, એમ તેમાં જણાવાયું છે.આ કવાયત દરમિયાન, સૈનિકો સંયુક્ત આયોજન, વ્યૂહાત્મક કવાયત, ફાયરિંગ પ્રેક્ટિસ, દેખરેખ, ડ્રોન ઓપરેશન્સ, શારીરિક સહનશક્તિ તાલીમ, રોક ક્લાઈમ્બિંગ, અવરોધ તાલીમ અને સંકલિત ક્ષેત્ર કવાયતો કરશે."આ તાલીમમાં ટેકનોલોજી-સક્ષમ કામગીરી અને પડકારજનક પર્વતીય પ્રદેશોમાં કામગીરી સાથે સંબંધિત યુક્તિઓ, તકનીકો અને પ્રક્રિયાઓનું આદાન-પ્રદાન પણ સામેલ હશે," એમ મંત્રાલયે જણાવ્યું હતું.કવાયત માઉન્ટેન ગાર્ડિયન ૨૦૨૬ બંને સેનાઓને વ્યાવસાયિક અનુભવનું આદાન-પ્રદાન કરવાની, વ્યૂહાત્મક કુશળતા વધારવાની અને કાર્યકારી પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે. તે ભારત અને યુએઈ વચ્ચે લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવશે, અને બંને રાષ્ટ્રો વચ્ચે મિત્રતા અને વિશ્વાસના બંધનને મજબૂત બનાવશે, એમ મંત્રાલયે જણાવ્યું હતું.

# હથિયારો અને નશીલા પદાર્થો મામલે જમ્મુ-કાશ્મીરના બે વ્યક્તિઓની ધરપકડ

અરનિયા,
એક મહત્વના ઘટનાક્રમમાં પોલીસે જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરના આર્નિયા સેક્ટરમાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના પર પાકિસ્તાનથી ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલા હથિયારો અને નશીલા પદાર્થો એકત્રિત કરવાનો અને તેને જમ્મુ-કાશ્મીર તથા પંજાબમાં તેમના સંપર્કો સુધી પહોંચાડવાનો આરોપ છે.

ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ આર્નિયાના ત્રેવા ગામના રહેવાસી રોહિત કુમાર અને અજય તરીકે કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ ઈન્સ્ટાગ્રામ દ્વારા પાકિસ્તાન સ્થિત ગેંગસ્ટર અને ખાલિસ્તાની ઓપરેટિવ શહેઝાદ ભટ્ટીના સંપર્કમાં હતા અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલી ઓછામાં ઓછી બે ખેપ મેળવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન ઈટાલીમાં બનેલી એક બેરેટા પિસ્તોલ, બે મેગેઝિન, ચાર જીવંત કારતૂસ, લગભગ ૫૦૦ ગ્રામ હેરોઈન અને ૫૦૦ ગ્રામ અફીણ મળી આવ્યા હતા.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, રોહિત કુમારની ધરપકડ અને પૂછપરછ દરમિયાન તેણે અજયનું નામ આપ્યા બાદ આ રેકેટનો પર્દાફાશ થયો હતો.

પોલીસે કહ્યું કે આ બંને વ્યક્તિઓ માત્ર સ્થાનિક વેચાણકર્તાઓ નહોતા, પરંતુ સરહદ પારની એક મોટી સપ્લાય ચેઈનનો ભાગ હતા અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીકના ખેતરોમાં ફેંકવામાં આવતી ખેપ એકત્રિત કરતા હતા.

# ભારતના જીડીપી પર વિશ્વ બેંકનો વિશ્વાસ વધ્યો : વિકાસ દરનો અંદાજ ૬.૯% થી વધારીને ૭.૧% કરવામાં આવ્યો

## ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં તેનું મજબૂત સ્થાન જાળવી રાખશે



નવીદિલ્હી,
ભારતના અર્થતંત્ર પર વિશ્વ બેંકનો વિશ્વાસ મજબૂત થયો છે. ઊંચા વૈશ્વિક વ્યાજ દરો, મોંઘા ક્રૂડ તેલ અને બજારની અસ્થિરતા જેવા પડકારો છતાં, ભારતીય અર્થતંત્રે અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન કર્યું છે. આ કારણોસર, વિશ્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (એફવાય૨૭) માટે ભારતના વૃદ્ધિ દરનો અંદાજ ૬.૯% થી વધારીને ૭.૧% કર્યો છે.

મંગળવારે પ્રકાશિત થયેલા તેના તાજેતરના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટમાં વિશ્વ બેંકે ભારતના આર્થિક વિકાસનો અંદાજ વધાર્યો છે. અહેવાલ મુજબ, મજબૂત સ્થાનિક માંગ અને સુધારેલી નિકાસ આર્થિક વિકાસને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ અપગ્રેડ પછી, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં તેનું મજબૂત સ્થાન જાળવી રાખશે. વિશ્વ બેંક જણાવે છે કે વૈશ્વિક પડકારો છતાં, ભારતની મધ્યમ ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ મજબૂત રહે છે. બાહ્ય દબાણો વચ્ચે પણ દેશની અર્થવ્યવસ્થાએ મજબૂત સ્થિતિસ્થાપકતા દર્શાવી છે.

વિશ્વ બેંકે ચોક્કસ જોખમો અંગે પણ ચેતવણી આપી છે. અહેવાલમાં જણાવાયું છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર વધારો, અલ નીનો અને સંભવિત શેરબજારમાં ઘટાડો ભારતના અર્થતંત્રને અસર કરી શકે છે. આ પરિબળો વિદેશી રોકાણ અને મૂડી પ્રવાહમાં વધઘટ તરફ દોરી શકે છે. તેથી, સુધારેલી વૃદ્ધિ આગાહી છતાં, વૈશ્વિક પરિસ્થિતિઓનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ રહેશે.

વિશ્વ બેંકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ભારત માટે એક મુખ્ય તક તરીકે પણ ઓળખી કાઢ્યું છે. અહેવાલ મુજબ, એઆઈ તૈયારીના સંદર્ભમાં ભારત વિશ્વના ટોચના ૧૦ ઉભરતા બજારોમાંનો એક છે. ભારતમાં ખાનગી છે રોકાણ ઝડપથી વધ્યું છે, જે ૨૦૨૪ માં ઈ૧.૨ બિલિયનથી વધીને ૨૦૨૫ માં ઈ૪.૧ બિલિયન થયું છે, જે એક જ વર્ષમાં ત્રણ ગણાથી વધુનો વધારો દર્શાવે છે.

# ભેળસેળયુક્ત, અસુરક્ષિત ઉત્પાદનોના વેચાણને રોકવા FSSAI દ્વારા આદેશ

## તહેવારોની સિઝન પહેલા સમગ્ર ભારતમાં ખાદ્ય સુરક્ષા કાર્યવાહીને વધુ તીવ્ર બનશે

નવી દિલ્હી,
ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) એ આગામી તહેવારોની મોસમ દરમિયાન અસુરક્ષિત ખાદ્ય ઉત્પાદનો સામે દેખરેખ અને અમલીકરણની કાર્યવાહીને વધુ સઘન બનાવવા માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા અધિકારીઓને નિર્દેશ જારી કર્યો હતો.આવનારા દિવસોમાં તહેવારોની સીઝન દરમિયાન સામાન્ય રીતે ડેરી ઉત્પાદનો, મીઠાઈઓ અને નાસ્તા (જેમ કે નમકીન, પાપડ/ફ્રાયમ્સ, ખાદ્ય તેલ, પીણાં, ઘી વગેરે) જેવી વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓની માંગમાં વધારો જોવા મળે છે.FSSAI દ્વારા સઘન દેખરેખ અને કડક કાર્યવાહીની માંગ.આ નિર્દેશ મુજબ, સઘન નિરીક્ષણ અને અમલીકરણની કાર્યવાહીનો ઉદ્દેશ્ય "ભેળસેળયુક્ત, નકલી અને અસુરક્ષિત ખાદ્ય ઉત્પાદનો"ના વેચાણ કે વિતરણને અટકાવવાનો છે. ઉલ્લેખિત ખાદ્ય ચીજવસ્તુઓ ઉપરાંત, FSSAI એ પ્રાદેશિક એજન્સીઓને સ્થાનિક ખાણીપીણી અને વપરાશની પદ્ધતિઓ અનુસાર લક્ષિત ચીજવસ્તુઓની યાદી વિસ્તારવા પણ કહ્યું છે.આ બાબતમાં ખાદ્યપદાર્થોના વેચાણના મુખ્ય કેન્દ્રો (હોટ સ્પોટ્સ) અને અન્ય સંવેદનશીલ સ્થળો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

# રાજ્યસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી ત્રીજો ઉમેદવાર નહીં ઉભો રાખે : અખિલેશ યાદવ

## અમારું ધ્યાન ત્રણ પર નહીં, પરંતુ ૪૦૩ પર છે



લખનૌ,
રાજ્યસભા ચૂંટણી માટે સમાજવાદી પાર્ટીના ત્રીજા ઉમેદવાર અંગેનો સસ્પેન્સ લગભગ સમાપ્ત થઈ ગયો છે. આજે સોશિયલ મીડિયા પર અખિલેશ યાદવ દ્વારા કરવામાં આવેલી એક પોસ્ટ કંઈક અલગ જ સૂચવે છે. અખિલેશે લખ્યું, "હવે અમારું ધ્યાન ત્રણ પર નહીં, પરંતુ ૪૦૩ પર છે." અખિલેશ યાદવની પોસ્ટથી લગભગ સ્પષ્ટ થઈ ગયું છે કે સમાજવાદી પાર્ટી રાજ્યસભા ચૂંટણીમાં ત્રીજો ઉમેદવાર ઉભા રાખશે નહીં. આજે રાજ્યસભા ચૂંટણી માટે નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ છે. એવું લાગતું હતું કે અખિલેશ આજે ત્રીજા ઉમેદવારનું નામ જાહેર કરશે.

નોંધનીય છે કે ઉત્તર પ્રદેશમાં ૧૦ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. ભાજપ પાસે સાત બેઠકો જીતવા માટે પૂરતી સંખ્યા છે. સપાએ પહેલાથી જ પાર્ટીના વરિષ્ઠ નેતા રામ ગોપાલ યાદવ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ધનરાજ પરિમલ નથવાણીને નામાંકિત કર્યા છે. બંનેએ લખનૌમાં પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. દરમિયાન, ત્રીજા ઉમેદવાર અંગે ચર્ચાઓ પણ તેજ બની છે. પાર્ટીના પ્રવક્તા ફખરુલ હસન ચંદે જણાવ્યું હતું કે, "સપાના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે પાર્ટી જરૂરી સંખ્યાઓ સુધી પહોંચ્યા પછી ત્રીજો ઉમેદવાર ઉભા રાખશે. હવે, અમારા ત્રીજા ઉમેદવાર મંગળવારે પોતાનું નામાંકન દાખલ કરશે. અમને ભાજપને હરાવવાનો વિશ્વાસ છે." જોકે, ચાંદે પાર્ટીનો ત્રીજો ઉમેદવાર કોણ હશે તે અંગે ખુલાસો કર્યો નથી.

# અમેરિકી તંત્ર ૪૦ વ્યક્તિઓની નાગરિકતા રદ કરવાની દિશા તરફ આગળ વધ્યું

વોશિંગ્ટન,
અમેરિકાના ન્યાય વિભાગે જણાવ્યું હતું કે, ભારતીય મૂળના એક વ્યક્તિ સહિત કુલ ૪૦ વ્યક્તિઓની અમેરિકન નાગરિકતા રદ કરવાની કાર્યવાહી શરૂ કરીને દેશના આધુનિક ઈતિહાસમાં નાગરિકતા રદ કરવાનો સૌથી મોટો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.અમેરિકાની વિવિધ અદાલતોમાં નાગરિકતા રદ કરવાની કાર્યવાહીનો સામનો કરી રહેલી આ ૪૦ વ્યક્તિઓ પર ગંભીર ગુનાઓના આરોપ મૂકવામાં આવ્યા છે, જેમાં વિદેશી સરકારના એજન્ટ તરીકે કામ કરવું, સ્વેચ્છાએ હત્યા (વોલન્ટરી મેન્સલોટર) કરવી અને વિશેષ જરૂરિયાતો ધરાવતા પુરુષ સામે ગંભીર પ્રકારનું જાતીય શોષણ (એગ્રેવેટેડ સોડોમી) કરવું જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

કેલિફોર્નિયાના બલવિંદર સિંહ સામે રાજ્યની 'ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ'માં નાગરિકતા રદ કરવાની કાર્યવાહી ચાલી રહી છે; તેમના પર ખોટી ઓળખનો ઉપયોગ કરીને અમેરિકામાં પ્રવેશ મેળવવાનો અને નાગરિકતા પ્રાપ્ત કરવાનો આરોપ છે.સોમવારે એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે કહ્યું હતું કે, "આજની જાહેરાત આધુનિક ઈતિહાસમાં નાગરિકતા રદ કરવાના સૌથી મોટા પ્રયાસને દર્શાવે છે."'ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ' હેઠળ, જો કોઈ વ્યક્તિએ ગેરકાયદેસર રીતે, મહત્વપૂર્ણ હકીકત છુપાવીને અથવા જાણીજોઈને ખોટી માહિતી આપીને નાગરિકતા મેળવી હોય.

# બિહારમાં મત ખરીદવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા : પ્રશાંત કિશોર

## જો સુપ્રીમ કોર્ટ સતર્ક હોત તો ચૂંટણી પંચને આ દુર્દશાનો સામનો કરવો પડ્યો ન હોત

બેગુસરાય,
જનસુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચને આપેલી નોટિસ પર કહ્યું કે કાર્યવાહી થવી જોઈતી હતી, પરંતુ આજ સુધી સુપ્રીમ કોર્ટે કોઈ કાર્યવાહી કરી નથી. એસઆઈઆરએ સુપ્રીમ કોર્ટના નાક નીચે જ ભૂલ કરી છે. સુપ્રીમ કોર્ટના નાક નીચે જ ચૂંટણીમાં ગોટાળો થયો છે.

પ્રશાંત કિશોરે કહ્યું કે બિહારમાં સુપ્રીમ કોર્ટના નાક નીચે મત ખરીદવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, અને સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેને દખલ ન કરવી જોઈએ. જો સુપ્રીમ કોર્ટ સતર્ક હોત, તો ચૂંટણી પંચની દુર્દશા ઓછી ગંભીર હોત, અને તેની વિશ્વસનીયતા આટલી ખરાબ ન હોત.

પ્રશાંત કિશોરે કહ્યું કે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ ફટકારી છે. જો તમે ભૂલ કરો છો, તો તે નોટિસ આપશે. પરંતુ સુપ્રીમ કોર્ટની નોટિસ કંઈ કરશે નહીં. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટે આ બાબતે કાર્યવાહી કરવી જોઈતી હતી. સુપ્રીમ કોર્ટે આજ સુધી કોઈ કાર્યવાહી કરી નથી. એસઆઈઆરની ભૂલ સુપ્રીમ કોર્ટના નાક નીચે જ થઈ છે. સુપ્રીમ કોર્ટના નાક નીચે જ ચૂંટણીઓમાં ગોટાળા કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના નાક નીચે જ બિહારમાં મત ખરીદવા માટે લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. અને સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેને દખલ ન કરવી જોઈએ.

ધારાસભ્ય પ્રશાંત કિશોરે કહ્યું કે જો સુપ્રીમ કોર્ટ સતર્ક હોત, તો ચૂંટણી પંચને આટલી બધી તકલીફ ન પડી હોત. તેની વિશ્વસનીયતા આટલી બધી કલંકિત ન થાત. તેમણે કહ્યું કે જ્ઞાનેશ કુમાર કે અન્ય કોઈ વ્યક્તિના રાજીનામા કે પદ પર રહેવાથી કોઈ ફરક પડતો નથી. છેલ્લા ઘણા વર્ષોથી ચૂંટણી પંચની પ્રતિષ્ઠા તેમના કાર્યોને કારણે ખરડાઈ રહી છે. લોકોનો ચૂંટણી પંચ પરનો વિશ્વાસ ડગી ગયો છે. ફક્ત એક વ્યક્તિ, જ્ઞાનેશ કુમાર, ની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી.

# DRDOની અસ્ત્ર મિસાઈલ વધુ ઘાતક બનશે, રેન્જ ૩૦૦ કિલોમીટરથી વધુ હશે

## DRDOએ 'અસ્ત્ર માર્ક-૨' તરીકે ઓળખાતી અસ્ત્ર-૨ મિસાઈલના પરીક્ષણો વધાર્યા




નવી દિલ્હી,
ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) હાલમાં 'અસ્ત્ર' મિસાઈલ પર સતત કામ કરી રહ્યું છે. અસ્ત્ર-૧ ની રેન્જ લગભગ ૧૦૦ કિલોમીટર છે અને તેની રેન્જ વધારીને ૧૬૦ કિલોમીટર કરવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. તાજેતરની માહિતી મુજબ, DRDO હવે આ મિસાઈલની રેન્જ ૩૦૦ કિલોમીટર સુધી વધારવા પર કામ કરી રહ્યું છે.DRDO એ 'અસ્ત્ર-૨ મિસાઈલ - જેને 'અસ્ત્ર માર્ક-૨' તરીકે પણ ઓળખવામાં આવે છે - તેના પરીક્ષણો વધારી દીધા છે. આ મિસાઈલનું પરીક્ષણ તેને ફાઈટર એરક્રાફ્ટ (લડાયક વિમાન) પર લગાવીને કરવામાં આવી રહ્યું છે. અસ્ત્ર માર્ક-૨ મિસાઈલની રેન્જ ૨૦૦ કિલોમીટરથી વધુ છે. DRDO નો ત્રીજો અને સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ, જે 'ગેમ-ચેન્જર' સાબિત થશે, તે 'પ્રોજેક્ટ ગાંડિવ' છે. આ પ્રોજેક્ટને 'અસ્ત્ર માર્ક-૩' મિસાઈલ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની રેન્જ ૩૦૦ કિલોમીટરથી વધુ હશે. આ તમામ મિસાઈલો પર કામ ચાલી રહ્યું છે.અસ્ત્ર એ 'બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ' (BVR) મિસાઈલ છે. તેનો અર્થ એ છે કે દુશ્મનના હુમલાની સીધી રેન્જમાં આવ્યા વિના તેને ખૂબ દૂરથી છોડી શકાય છે. અસ્ત્ર માર્ક-૧ પહેલેથી જ ભારતીય વાયુસેનામાં સેવામાં કાર્યરત છે. તે 'એર-ટુ-એર' (હવામાંથી હવામાં પ્રહાર કરતી) મિસાઈલ છે. હવામાં રહેલા લક્ષ્યોને નિશાન બનાવવાની તેની ક્ષમતા અત્યંત ઘાતક છે.ભારતીય વાયુસેનાએ સુખોઈ-૩૦ MKI અને સ્વદેશી તેજસ ફાઈટર એરક્રાફ્ટ પરથી પણ અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. અસ્ત્ર મિસાઈલ હવામાંથી હવામાં પ્રહાર કરવા સક્ષમ છે અને દ્રશ્ય મર્યાદા (વિઝ્યુઅલ રેન્જ) થી દૂર હોવા છતાં ચોકસાઈપૂર્વક લક્ષ્યોને ભેદવાની ક્ષમતા ધરાવે છે. અસ્ત્ર મિસાઈલ અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમથી સજ્જ છે. ભારતીય વાયુસેનાએ સ્વદેશી 'રેડિયો ફ્રિક્વન્સી સીકર' સાથે આ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. નોંધનીય છે કે અસ્ત્ર મિસાઈલ વિશ્વની સૌથી ઘાતક BVR મિસાઈલોમાંની એક છે અને તેણે ભારતને આવી મિસાઈલોનું ઉત્પાદન કરતા પસંદગીના દેશોની યાદીમાં સ્થાન અપાવ્યું છે.

# બિહાર અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને પૂર પ્રકોપના કારણે જનજીવન બન્યું અસ્તવ્યસ્ત

## મહારાષ્ટ્રના ૧૭ જિલ્લાઓમાં ગંભીર દુષ્કાળની સ્થિતિ : રાજ્યના મોટાભાગના બંધ અને જળાશયો ખાલી



નવીદિલ્હી,
દેશનું હવામાન બે સંપૂર્ણપણે અલગ અને ચિંતાજનક ચિત્રો રજૂ કરી રહ્યું છે. જ્યારે ઉત્તર ભારતના ઘણા રાજ્યો ભારે વરસાદ અને પૂરથી પીડાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ, દેશનું એક મુખ્ય રાજ્ય પાણીના દરેક ટીપા માટે તરસ્યું છે. બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં પૂર અને વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, જ્યારે મહારાષ્ટ્રમાં વરસાદના અભાવે દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કુદરતના આ બેવડા સ્વભાવથી જનતા અને ખેડૂતો બંનેને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

બિહારમાં આવેલા પૂરે વિનાશક નુકસાન કર્યું છે. રાજ્યના ૩૮ જિલ્લાઓમાંથી ૨૮ જિલ્લાઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. આશરે ૬.૮૮ મિલિયન હેક્ટર જમીન પાણીમાં ડૂબી ગઈ છે, જેના કારણે પાકને નોંધપાત્ર નુકસાન થયું છે. રાજ્યનો લગભગ બે તૃતીયાંશ ભાગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે. ગંડક નદીના બંધમાં ભંગાણને કારણે, સારણ સહિત છ જિલ્લાઓના આશરે ૨૫૫ ગામોનો સંપર્ક વિશ્વના બાકીના ભાગથી સંપૂર્ણપણે કપાઈ ગયો છે. પાણીનું સ્તર એટલું ઊંચું વધી ગયું છે કે લોકોને ઘર છોડીને રસ્તાઓ, હાઈવે અને ઊંચાઈવાળા વિસ્તારોમાં ખુલ્લા આકાશ નીચે રહેવાની ફરજ પડી રહી છે. સૌથી દુઃખદ બાબત એ છે કે રાહત પુરવઠો અસરગ્રસ્ત લોકો સુધી યોગ્ય રીતે પહોંચી રહ્યો નથી, જેના કારણે વહીવટ સામે લોકોમાં વ્યાપક ગુસ્સો અને રોષ ફેલાયો છે. આઘાતજનક વાત એ છે કે સરકાર પૂર નિવારણ અને નિયંત્રણ માટે વાર્ષિક આશરે ૬,૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરે છે, છતાં લોકો હજુ પણ આવી જ વિનાશનો સામનો કરે છે.ઉત્તર પ્રદેશના ત્રણ મુખ્ય જિલ્લાઓમાં પૂર જેવી ગંભીર સ્થિતિ યથાવત છે. ગંગા અને શારદા સહિત પંદર મુખ્ય નદીઓ ભયના નિશાનથી ઉપર વહી રહી છે. લખનૌમાં ગોમતી નદીના વધતા પાણીએ ગભરાટ ફેલાવ્યો છે. કૃષ્ણા લોક કોલોનીથી નંદપુરમ સુધીના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે આશરે ૧૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. ગોમતી રિવરફ્રન્ટ પાસે સ્થિત પ્રખ્યાત હનુમાન ધામ મંદિર પણ ડૂબી ગયું છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌના પૂરગ્રસ્ત વિસ્તારોનું વ્યક્તિગત રીતે હવાઈ સર્વેક્ષણ કર્યું અને સિંચાઈ વિભાગને ફૈજુલ્લાહગંજથી નૈમિષારણ્ય સુધી તાત્કાલિક નવો બંધ બનાવવાનો આદેશ આપ્યો.

# ફાયરિંગ કેસમાં પૂર્વ ધારાસભ્યના ફરાર પૌત્રને પકડવા માટે રીબડામાં કોમ્બિંગ

## ૭૦થી વધુ પોલીસ જવાનો દ્વારા રીબડા અને સડક પીપળીયામાં દરોડા, મુખ્ય આરોપી ધ્રુવરાજસિંહની સઘન શોધખોળ

ગોંડલ : ગોંડલના સડક પીપળીયા ગામે પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કરી પૂર્વ ધારાસભ્યના પૌત્ર દ્વારા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરવાની ઘટનાને અનુલક્ષીને રૂરલ પોલીસ એક્શન મોડમાં આવી છે. ગત મોડી રાત્રે રીબડા પોલીસ છાવણીમાં ફેરવાયું હતું. એલસીબી, એસઓજી અને ગોંડલ ડિવિઝનના ૭૦થી વધુ પોલીસ જવાનો દ્વારા અનેક સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે વાડી વિસ્તાર અને હાઇ-વે પર સઘન ચેકીંગ ઝુંબેશ હાથ ધરી ફરાર આરોપીની શોધખોળ આદરી હતી.





પ્રાપ્ત વિગત મુજબ રવિવાર રાત્રે ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામની સીમમાં રહેતા એક પરિવારના સભ્યો પર ખેતરમાં બકરા ચરાવવાનો ખાર રાખી ગોંડલના પૂર્વ ધારાસભ્ય મહિપતસિંહ જાડેજાના પૌત્ર તથા અનિરૂધ્ધસિંહ જાડેજાના ભત્રીજા ધ્રુવરાજસિંહ જાડેજા તથા તેના માણસો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ધ્રુવરાજસિંહ દ્વારા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપ્યો હતો. રૂરલ પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને રાખી તાત્કાલિક સગીર સહીત પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી, જયારે મુખ્ય આરોપી ધ્રુવરાજસિંહ ફરાર થઇ ગયો હતો.

ફરાર આરોપીને સત્વરે પકડી પાડવા ગોંડલ ડિવિઝનના ઈન્ચાર્જ ડીવાયએસપી શ્રીજીતા પટેલના નેતૃત્વ હેઠળ ગત રાત્રિના સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં એલસીબી, એસઓજી ગોંડલ ડિવિઝનના પોલીસની અલગ-અલગ સ્પેશિયલ ટીમો મળી ૭૦થી વધુ પોલીસ જવાનોને સાથે રાખી રીબડા અને સડક પીપળીયા વિસ્તારમાં આવેલા અનેક ઘરો, ખેતરો અને વાડી વિસ્તારોમાં સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઓપરેશન દરમિયાન અનિરૂધ્ધસિંહ જાડેજાનાં નિવાસસ્થાન તથા વાડીમાં પણ પોલીસે કડક સુરક્ષા વચ્ચે દરોડા પાડી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, ફાયરિંગ અને હત્યાની કોશિશના ગુનામાં સગીર સહિત પાંચ શખ્સોને પકડી લેવામાં આવ્યા છે, જયારે ફરાર મુખ્ય સૂત્રધાર ધ્રુવરાજસિંહ જાડેજાને સત્વરે પકડી લેવા ગત રાત્રિના રીબડામાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી આરોપી નહી પકડાય ત્યાં સુધી દરોડાનો દોર યથાવત રાખવામાં આવશે.

# કુખ્યાત પેડલર રમા સંધી સામે બે ગુના દાખલ

## પરપ્રાંતીયોને ફરી મકાન ભાડે આપવા લાગી

રાજકોટ:

જંગલેશ્વર વિસ્તારમાં થોડા સમય પહેલા થયેલ ડીમોલેશનમાં ઘણી ઓરડીઓ કુખ્યાત પેડલર રમા સંધીની પણ હતી. જે બાદ પણ ફરી પોલીસને જાણ કર્યા વગર બે માળનું મકાન ભાડે ચડાવી દેતાં ભક્તિનગર પોલીસની ટીમ ત્રાટકી હતી અને રમા સંધી વિરુદ્ધ બે અલગ અલગ ગુના દાખલ કર્યા હતાં.

ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ એસ.એચ.ગોહિલ સહિતનો સ્ટાફ શહેર વિસ્તારમાં પરપ્રાંતિય લોકો ભાડેથી રહી ગુન્હાઓ આચરી નાસી જતા હોવાની હકિકત ધ્યાનમાં આવેલ હોય જેથી મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાનનાં માલીક દ્વારા પરપ્રાંતિય લોકોને મકાન, ઔધોગીક એકમ,ઓફીસ,દુકાન ભાડેથી આપતી વખતે નજીકના પોલીસ સ્ટેશનમા નોંધ કરાવવા માટે પોલીસ કમિશ્નરના જાહેરનામા ચુસ્ત પણે અમલવારી કરાવવા ગઈકાલે પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન જંગ્લેશ્વર શેરી નં ૦૬ હુશેની ચોક નદી કાઠે આવેલા મકાનો ચેક કરી પુછપરછ કરતા હતાં અને માહીતી મેળવતા જેમાં રહેમતબેન ઉર્ફે રમાબેન જાવેદ જુણેજાએ પોતાનું જંગ્લેશ્વર શેરી નં ૬ હુશેની ચોક નદી કાઠે આવેલ મકાન પરપ્રાંતિય માણસને મકાન ભાડે આપેલ હોવાની અને નજીક પોલીસ સ્ટેશનમાં કોઇ નોંધ કરાવેલ ન હોવાની માહિતી મળેલ હતી.

જેથી તે મકાન બાબતે ખરાઇ કરી શેરીનં-૦૬ માં નદી કાઠે ડાબી તરફ ખુણા પરનું છત વાળું બે માળનું હોય જેમાં ભાડુઆત તરીકે ભાડે રહેતા હોય તેનું નામ પુછતા પોતાનું નામ રિયાબુદીન ગુલશેર ખાન (ઉવ.૪૨, રહે. જંગલેશ્વર શેરી નં-૬, રહેમતબેન જુણેજાના મકાનમા ભાડેથી, મુળ ગામ અલીગઢ ઉતરપ્રદેશ) હોવાનું જણાવેલ હતું.તેની પુછપરછ કરતા માસીક રૂ. ૩ હજારના ભાડેથી માલિક રહેમતબેન ઉર્ફે રમાબેન જાવેદ જુણેજા (રહે-નિલકંઠ સોસાયટી) એ ભાડા કરાર કર્યા વગર મકાન ભાડે આપતાં ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ઉપરાંત તે જ મકાનમાં અન્ય એક પરપ્રાંતીય પરીવાર પણ ભાડુઆત તરીકે રહેતો હોય જે અંગે તપાસ કરતાં માલિક રહેમતબેન ઉર્ફે રમાબેન જાવેદ જુણેજા (રહે-નિલકંઠ સોસાયટી) એ ભાડા કરાર કર્યા વગર મકાન ભાડે આપ્યાનું ખુલતાં બીજો ગુનો પણ દાખલ કર્યો હતો.

# પડધરીના ખામટાની કંપનીમાં બે જૂથ બાખડ્યા, બેને ઈજા :૭ શખસની અટકાયત

રાજકોટ:પડધરી તાલુકાના ખામટાની એક કંપનીમાં બે જૂથ બાખડ્યા હતા, જેમાં બેને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ગિરિરાજ સ્પિનિંગ નામના કારખાનામાં આ બનાવ બન્યો હતો. પડધરી પોલીસે સાત શખસની અટકાયત કરી હતી. જોકે, બાદમાં બંને પક્ષ વચ્ચે સમાધાન થતાં તેમને જવા દેવાયા હતા.

ખામટા નજીક આવેલી ગિરિરાજ કોટન સ્પિનિંગ કંપનીમાં ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે લોખંડના સળિયા વડે મારામારી થઈ હતી. પવનકુમાર પટેલ (ઉં.વ.૨૯) કારખાનામાં હતો ત્યારે સામેવાળા મિથુન, અરુણ, સુરેશ સહિતના શખસોએ લોખંડના સળિયા વડે તેને માર માર્યો હતો.

સામા પક્ષે મિથુન સીમુડિયા (ઉં.વ. ૨૦)ને સામેવાળા રાડિયા, ટંડી સહિતના શખસોએ લોખંડના સળિયા વડે માર માર્યો હતો. આ બનાવમાં પવનકુમારની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પડધરી પોલીસે તાત્કાલિક દોડી જઈ બંને જૂથના સાત શખસોને અટકાયતમાં લીધા હતા.

ઝઘડા પાછળ સ્ત્રીપાત્ર કારણભૂત હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળે છે. અટકાયત કરાયેલા સોનુકુમાર મંગડું, મંગળ રામબાબુ જાટવ, સાગર સીતારામ જાટવ, રોહિત વિનોદ આદિવાસી, મહેન્દ્ર અરણમ જાટવ, અરુણ જગદીશ જાટવ, સંતોષ બજરંગરામ જાટવ અને સચિન કમલ જાટવની પૂછપરછ કરવામાં આવી રહી છે. તમામ મજૂરીકામ કરે છે અને કારખાનાની લેબર કોલોનીમાં રહે છે.

આ મુદ્દે પડધરી પીઆઈ એમ.જી. ચૌહાણે જણાવ્યું હતું કે, બંને પક્ષ વચ્ચે ખાવા બાબતે બોલાચાલી થતાં ૧૧૨ બોલાવવામાં આવી હતી. બાદમાં સમાધાન થઈ જતાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

# રાજકોટમાં સોની વેપારી સાથે ૧.૦૫ કરોડની છેતરપિંડી

## પાંચ વર્ષથી સાથે કામ કરતા શખ્સે દાગીના બનાવવા માટે ફાઈન સોનું મેળવી બાદમાં પરત ન કર્યું



રાજકોટ:રાજકોટમાં વધુ એક સોની વેપારી સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. રાજકોટની સોની બજારમાં પેઢી ધરાવતા વેપારી છેલ્લા ૫ વર્ષથી સોની બજારમાં જ આવેલ એક પેઢીમાં અલગ અલગ દાગીના બનાવવા ફાઈન સોનુ વેપારીને આપતા હતા જેથી વિશ્વાસ કેળવી બાદમાં ૧.૦૫ કરોડની કિંમતનું સોનુ એક સાથે મેળવી પરત ન કરી છેતરપિંડી આચરતા આખરે બનાવ અંગે જાણ થતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી ભાવીકભાઇ જયેશભાઇ શાહએ જણાવ્યું હતું કે, સોની બજાર મેઈન રોડ ઉપર બોઘાણી શેરી પાસે R.P. ઓર્નામેન્ટ્સ નામની પેઢી છે જે મારા પિતા જયેશભાઇ રાયચંદભાઇ શાહના નામની છે અને તેમા હુ પાવર ઓફ એટર્ની હોલ્ડર છુ અને ત્યા બેસી સોનાનો વેપાર ધંધો કરી મારા પરિવારનુ ગુજરાન ચલાવુ છુ. સોની બજારમાં જ આવેલી M/s AUREATE નામની વેપારી પેઢી સાથે છેલ્લા ૫ વર્ષથી સોની કામનો ધંધો કરીએ છીએ. આ પેઢીનો વહીવટ શ્યામ સુરેશભાઈ પટણી કરે છે તેમને સોનાના દાગીના બનાવવા માટે ફાઈન સોનુ આપતા હતા.

શ્યામ સુરેશભાઈ પટણી અમારી પાસેથી સોનાના દાગીના બનાવાવા માટે સોનુ લઈ જતા અને અમારા ઓર્ડર મુજબ સોનાના દાગીના બનાવી પરત અમને આપતા હતા. અમે આ કામના બદલામા ઓર્ડર અને સોનાના દાગીનાની અલગ અલગ ડીઝાઈન મુજબ અલગ અલગ જોબ વર્કની મજૂરી આપતા હતા. અમારા ઓર્ડર મુજબ નિયત સમયમા અમને શ્યામ પટણી સોનાના દાગીના બનાવી આપતા હતા જેથી તેના ઉપર વિશ્વાસ આવી ગયો હતો અને અમારે સારી રીતે ધંધાકીય વ્યવહાર ચાલતો હતો.

તાજેતરમાં વેપારીએ ગત ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અમારી પેઢીમાથી શ્યામ પટણીને ફાઈન સોનુ અલગ અલગ મિક્ષ ડીઝાઈનના દાગીના બનાવવા માટે આપ્યું હતુ. પરંતુ શ્યામ પટણીએ ૧.૦૫ કરોડ કિંમતનું સોનુ મેળવી ઓર્ડર મુજબના દાગીના બનાવી પરત ન આપતા અવારનવાર સોનુ આપવાના બહાના બનાવતો હોવાથી આખરે વેપારીએ છેતરપિંડી થયાની જાણ થતા બનાવ અંગે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પંચાયત ચોક પાસે ધો.૧૨ ના વિદ્યાર્થી પર મિત્રોનો છરી વડે હુમલો, મારમાર્યો

રાજકોટ:

પંચાયત ચોક પાસે ગેલેક્સી પાન નજીક ધો.૧૨ ના વિદ્યાર્થીને તેના બે મિત્રોએ છરી વડે હુમલો કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવાનના અન્ય મિત્રાને આરોપીઓ સાથે બોલાચાલી થઈ હોય જે બાબતે યુવાને સમજાવતા તેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવતાં યુની. પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે લોધાવાડ પોલીસ ચોકી સામે સુયોગ બિલ્ડિંગમાં રહેતા અને આત્મીય સ્કૂલ કાલાવડ રોડ ખાતે ધો. ૧૨ આર્ટસમાં અભ્યાસ કરનાર શોર્ય ધર્મેશભાઈ ભટ્ટ (ઉ.વ.૧૭) નામના વિદ્યાર્થીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીત જય ભટ્ટ (રહે કોટેચા ચોક, મેગસન પાછળ) અને આર્યન ગોલતર (રહે. રાજકોટ) ના નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલ બપોરના અઢી વાગ્યા આસપાસ તે ઘરે હતો.ત્યારે મિત્ર આદિત્ય ગુપ્તા (ઉ.વ.૧૬) નો ફોન આવ્યો હતો તેને યુવાનના અન્ય મિત્રો જીત અને આર્યન સાથે બોલાચાલી થઈ હોય જેથી કોન્ફરન્સ કોલમાં ચારેય વાત કરતા હતા ત્યારે યુવાને જીતને કહ્યું હતું કે, કેમ આદિત્ય સાથે બોલાચાલી કરી? જેથી જીત ઉશ્કેરાઈ ગયો હતો અને યુવાન તથા આદિત્યને કહ્યું હતું કે, તમે સાંજે પાંચ વાગ્યે યુની. રોડ પંચાયત ચોક પાસે આવેલી ગેલેક્સી પાન પાસે આવી જજો આપણે મળી લઈશું.બાદમાં સાંજના આદિત્ય તેનું વાહન લઈ યુવાનને લેવા આવ્યો હતો. બંને પંચાયત ચોક ગેલેક્સી પાન પાસે ગયા હતા. ત્યારે જીતને ફોન કરી કહ્યું હતું કે, અમે અહી ગેલેક્સી પાન પાસે આવી ગયા છીએ તું ક્યાં છો? જેથી જીતે મોબાઈલમાં ગાળો આપી હતી અને કહ્યું હતું કે, તું ત્યાં જ રહે અમે આવીએ છીએ.

# ઉપલેટાના નાગવદરમાં ખનિજ ચોરો પર ધોંસ, ૩૫ લાખનો મુદ્દામાલ કબજે

ઉપલેટા:ઉપલેટા પંથકમાં ભાદર, મોજ અને વેણુ નદીમાં ખનીજચોરી કરવી સ્વર્ગ સમાન મનાય છે. સરકારી કચેરીની તિજોરીને એક દાયકામાં કરોડો રૂપિયાની નુકસાની થવા પામી છે.આવા ભૂમાફિયાઓ પર અનેક વખત મામલતદારની ટીમે ધોંસ બોલાવી હોવા છતાં ભૂમાફિયાઓ સુધરવાનું નામ નહીં લેતા નાગવદર ગામ પાસે વેણુ નદીમાં ખનીજ ચોરો ઉપર રેન્જ આઈ.જી.ની ટીમ પહોંચી જતાં ભારે નાસભાગ મચી ગઈ હતી.



ટીમે ૪ વાહન સાથે ૩૫ લાખનો મુદ્દામાલ ઝડપી ૬ શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત થતી વિગત મુજબ નાગવદર ગામે ગધેથડ રોડ ઉપર વેણુ નદીમાં ખનીજચોરીની મળેલી બાતમીના આધારે જિલ્લા રેન્જ આઈજીના પીઆઈ અપૂર્વ પટેલની ટીમના કુલદીપસિંહ ચુડાસમા, રવિરાજસિંહ વાળા, દિવ્યેશભાઈ સુવા, નિકુલભાઈ, પંપાણિયા ત્રાટક્યા હતા અને સ્થળ પરથી એક જેસીબી એક લોડર અને બે ટ્રેક્ટરો મળી કુલ ચાર વાહન સહિત ૩૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી દીધો હતો.આ ખનીજ ચોરીમાં સંકળાયેલા સાગર દાસભાઈ ખાંભલા, હિતેશ કારાભાઈ ભીટ, દર્શન કનુભાઈ મકવાણા, મપુર ગોવાભાઈ ખીંચ ,રાણા મસરા ખીટ, રણછોડ દેવા ખીટને સ્થળ પરથી ઝડપી તમામ સામે ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરી સ્થાનિક પોલીસને સોંપી દેવામાં આવ્યા હતાં.

નોંધનીય છે કે નાગવદર ગામથી મેખાટીંબી ગામની સીમા સુધીની જગ્યાઓ ભૂમાફિયાઓ માટે સ્વર્ગ સમાન છે. રેતીની ચોરી થતાં નદીમાં રેતી સંપૂર્ણ સાફ થતાં પાણી વધી જતાં ખેડુતોની જમીન પાણીના અભાવે બંજર બની જવા પામી છે.

# સ્કોર્પિયોથી દંપતીને ઉડાવનાર ચાલક ઝડપાયો, ૧૦ દિવસ બાદ યુનિવર્સિટી પોલીસે ધરપકડ કરી

રાજકોટ:રાજકોટના સેકન્ડ રિંગરોડ પર ૨૫ સપ્ટેમ્બરના રોજ સ્કોર્પિયો કારના ચાલકે ટુ વ્હિલર પર જતા દંપતીને હડફેટે લઇ અકસ્માત સર્જ્યો હતો. જે સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. જેના આધારે યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી ૫ ઓક્ટોબરના રોજ સ્કોર્પિયો કારના ચાલક પરેશ તાલપરાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



CCTVમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, માત્ર આંખના પલકારામાં જ પુરપાટ ઝડપે સ્કોર્પિયો ચાલકે પાછળથી દંપતીને ઠોકર મારી અકસ્માત સર્જી પોતે નાસી છૂટ્યો હતો. જેમાં વેપારીના પત્નીને ગંભીર ઈજા પહોંચી હતી. દંપતી પોતાના ટુ વ્હીલર પર સામાન્ય ૨૦થી ૩૦ની સ્પીડથી વાહન ચલાવી ફિલ્મની ટિકિટ લેવા માટે જતા હતા દરમિયાન પાછળથી ઠોકર મારી કારચાલકે અકસ્માત સર્જ્યો હતો.

રાજકોટના દાણાપીઠમાં પેઢી ધરાવતા વેપારી હિરેન માણેક પોતાના પત્ની સાથે ૨૫ સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે સેકન્ડ રિંગરોડ પર કટારીયા ચોકથી ઘંટેશ્વર તરફ પોતાના બાઈક પર ફિલ્મની ટિકિટ લેવા માટે જઇ રહ્યા હતા. દરમિયાન કાળા કલરની સ્કોર્પિયોના ચાલકે પુરપાટ ઝડપે આવી પાછળથી દંપતીને ઠોકર મારી અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. જેમાં પતિ હિરેનભાઈને સામાન્ય ઈજા પહોંચી હતી જ્યારે પત્નીને ગંભીર ઇજા પહોંચતા બન્નેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે યપાસ શરૂ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન કાળા કલરની સ્કોર્પિયો લઈને અકસ્માત સર્જી નાસી જનાર પરેશ જમનભાઈ તાલપરા હોવાનું સામે આવતા પોલીસે ૧૦ દિવસ બાદ ૫ ઓક્ટોબરના રોજ અકસ્માત સર્જનાર કાર ચાલકને કાર સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વૃદ્ધે ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો

રાજકોટ:

રાજકોટના યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મુંજક ગામે ટીટોલીયા ક્વાર્ટરમાં રહેતા ૬૦ વર્ષીય સંજયભાઈ મગનભાઈ ભૂતએ ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા યુનિવર્સિટી પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક પુછપરછમાં મૃતક નિવૃત્ત જીવન ગાળતા હોવાનું અને તેમને સંતાનમાં એક પુત્ર હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી વૃદ્ધ માનિસક અસ્વસ્થ રહેતા અને પેટમાં દુ:ખાવાની બીમારી રહેતી હતી જેનાથી કંટાળી આપઘાત કર્યો હોવાનું તારણ સામે આવ્યું છે.

**યુવકે પત્ની સાથે ઝઘડો થયા બાદ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**

જયારે બીજા બનાવમાં રામાપીર ચોકડી પાસે આવેલ ધરમનગર વિસ્તારમાં રહેતા ૩૧ વર્ષીય યુવક વિજયભાઈ મુકેશભાઈ મુલીયાણાએ પોતાના ઘરે હતો ત્યારે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જયાં તબીબે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ કરતા યુનિવર્સીટી પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં મૃતક વિજયને પત્ની સાથે ઝઘડો થયો હતો જેના કારણે પત્ની રિસામણે જતી રહી હતી જેના વિયોગમાં આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

**'તને મારી સાથે શું વાંધો છે' કહી પારડીમાં પ્રૌઢને છરીના ઘા ઝીંકયા**

રાજકોટ નજીક આવેલ પારડી ગામે પ્રૌઢ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. કરણ મકવાણા નામના શખ્સે તને મારી સાથે શું વાંધો છે કહી પ્રૌઢને હથેળીના ભાગે છરીનો ઘા ઝીંકી દેતાં તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બનાવને પગલે શાપર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. બનાવ અંગે મૂળ ગોંડલના વતની અને હાલ શાપર નજીક પારડીમાં રહેતા ૪૯ વર્ષીય પ્રૌઢ મનીશભાઈ મગનભાઈ સીરોયાએ આરોપી તરીકે કરણ પ્રવીણ મકવાણા (રહે. પડવલા રોડ, પારડી)નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા.૦૪ ના તે શીતળા મંદિરેથી ઘરે રાત્રીના સાડા અગીયાર વાગ્યે પહોંચી ઘરની ડેલી ખોલતો હતો. દરમિયાન કરણ મકવાણા પોતાનુ એકસેસ લઈને ઘસી આવી કહેવા લાગેલ કે, તારે મારી સાથે શું વાંધો છે? જેથી તેને કહેલ કે મારે તારી સાથે કાઈ વાંધો નથી. બાદ કરણ બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતો. દરમિયાન અશ્વીનભાઈ મહિડા ત્યાથી પસાર થતાં તેમણે કરણને માથાકૂટ નહિ કરવા જણાવ્યું હતું પણ કરણ વધુ ઉશકેરાઈ ગયેલ અને પોતાના નેફામાંથી છરી કાઢી હથેળીમાં ઘા ઝીકી દીધો હતો અને બાદ પોતાનું એકસેસ લઈને નાસી ગયેલ હતો.

# પહેલા મામાના ફોટા પાડ્યા બાદ ભાણેજ પોતાના ફોટા પાડવાના બહાને દાગીના લઈ નાસી છૂટ્યો!



**દાગીના લીધા બાદ શહેરભરમાં મામાને ફેરવી પારેવડી ચોકમાં દુકાને પાન લેવા મોકલી ભાણેજ રૂ.૧૩.૫૦ લાખના દાગીના લઈ રફુચક્કર થઈ ગયો**

રાજકોટ:વિજય પ્લોટ મેઈન રોડ પર શેરી નં.૬ માં રહેતા મ્યુઝિક સીસ્ટમના ધંધાર્થી જયેશ અશોકભાઈ ચૌહાણ નામના યુવાને યુની. પોલીસ સ્ટેશનમાં તેના ભાણેજ સામે ફરિયાદ નોંધાવી છે. ભાણેજ નીતિન ઉર્ફે રાજ લલાજી ડાભી ફોટો પાડવાના બહાને તેની પાસેથી સોનાનો ચેન અને વીટી કુલ રૂ.૧૩.૫૦ લઈ ગયા બાદ પરત ન આપી વિશ્વાસઘાત કરતા ફરિયાદ નોંધાવી હતી.

વધુમાં યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રાત્રીના તે ઘરે હતો ત્યારે મારા ફઈ અમુબેનના દીકરી મીનાબેનનો દિકરો નીતિન ઉર્ફે રાજ લાલજી ડાભી (રહે રાજકોટ) જે સંબંધે યુવાનનો ભાણેજ છે. તેનો રાત્રીના નવેક વાગ્યાની આસપાસ ફોન આવ્યો અને કહ્યું હતું કે, તું અહિ ભૂતખાના ચોક પાસે આવી જા, મારે તારું કામ છે. જેથી યુવાન ત્યાં તેની પાસે બાઈક લઈને ગયો હતો. યુવાને તે સમયે ગળામાં સોનાનો આઠ તોલાનો ચેન તથા હાથમાં દોઢ તોલા સોનાની વીટી પહેરી હતી.દરમિયાન ભાણેજ નીતિને કહ્યું હતું કે, ચાલ આપણે બહાર જમીએ, જેથી યુવાને કહ્યું હતું કે, મારે ઘરે જમવાનું છે. જેથી નીતિને કહેલ કે મને કોર્પોરેશન ચોક પાસે ઉતારીને પછી તું જમીને આવ. જેથી યુવાન જમીને ત્યાં કોર્પોરેશન ચોક પાસે ગયો હતો. બાદમાં નીતિને કહ્યું હતું કે, મારા પત્નિને બહારનું જમવું છે, જેથી આપણે તેના માટે પાર્સલ લઈને દેતા આવીએ. બાદ બંને રૈયા ચોકડી નજીક રૈયા રોડ પર આવેલ મદ્રાસ કાફે ઢોસાવાળા પાસે ગયેલ અને ત્યાં જઈને ઢોસા પાર્સલ કરવા માટેનો ઓર્ડર કર્યો હતો.

બંને ત્યાં દુકાનની બહાર બેસેલ હતા અને ત્યારે નીતિને મારા ફોટા પાડેલ અને બાદમાં કહ્યું હતું કે, તારો સોનાનો ચેન તથા વીટી મને આપ, મારે ફોટા પાડવા છે. બાદમાં યુવાને તેને ચેન તથા વીટી આપેલ અને તેણે તેના મોબાઈલમાંથી ચાર પાંચ ફોટા પાડયા હતાં. બાદમાં નીતિનને કહેલ કે, મારો ચેન તથા વીટી મને પાછા આપી દિયો, જેથી તેણે કહેલ કે આપી દઈશ, પહેલા આપણે ઢોસાનું પાર્સલ લઈને ઘરે આપી દઈએ. બાદ નીતિનના શાંતીનગર ગેટની સામે નાગબાપાના મંદિર બાજુવાળી શેરીવાળા તેમના ભાડાના મકાનવાળા ઘરે ગયા હતાં. જયાં પાર્સલ આપ્યા બાદ બંને શાંતિનગરના ગેટ પાસે આવેલ ખોડિયાર હોટેલ પાસે પહોંચેલ અને તેણે ત્યાં તેના કોઈ મિત્રને પોતાનો મોબાઈલ આપી દીધેલ અને તેમાંથી સીમકાર્ડ પોતે રાખ્યું હતું.

બાદમાં યુવાને ફરી નીતિનને કહેલ કે તું મારો ચેન તથા વીટી મને આપ અને મારે ઘરે જવું છે પરંતુ તેણે ચેન- વીટી આપ્યા ન હતા. બંને ત્યાંથી નીકળી ફરતા ફરતા જામટાવર ચોક, જામનગર રોડવાળા રસ્તેથી સિવિલ હોસ્પિટલવાળા બ્રિજ ઉપર ગયા હતા. જેથી યુવાને પુછયુ હતું કે, તું આમ ક્યાં મને લઈને જાય છે તો કહ્યું હતું કે, મારે પારેવડી ચોક પાસે કામ છે અને બાદમાં પારેવડી ચોક પહોંચતા એક પાનના ગલ્લા પાસે પહોંચેલ અને જ્યાં યુવાને ફરી કહ્યું હતું કે, હવે તો મારો ચેન અને વીટી મને પાછી આપ.

તો નીતિને કહ્યું હતું કે, તું દુકાનમાંથી પાન મસાલા મારા માટે લઈને આવ. યુવાન પાન મસાલા લઈને ફરી બાઈક પાસે આવેલ તો નીતિન જોવા મળ્યો ન હતો. બાદમાં તેને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. યુવાને તેના મિત્ર અમીતભાઈને ફોન કરીને આ બાબતે વાતચીત કરેલ અને બાદમાં ઘરે તથા સગા વ્હાલાને આ બાબતે વાત કરી હતી.

ત્યારબાદ નીતિનને ફોન પર સોનાના ચેન તથા વીટી બાબતે વાતચીત કરી હતી. પરંતુ તેણે પાછા આપવા ગલ્લા તલ્લા કર્યા હતા અને આજ સુધી યુવાનને તેનો આઠ તોલાનો સોનાનો ચેન રૂ.૧૨ લાખ તથા દોઢ તોલા સોનાની વીટી રૂ.૧.૫૦ લાખ મળી કુલ રૂ.૧૩.૫૦ લાખની કિંમતના દાગીના પરત ન આપી વિશ્વાસઘાત કરતાં ફરિયાદ નોંધાવી હતી.